
વચનામૃતમાં નિત્ય સાધના





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે. રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોપતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં નિત્ય સાધના

લેખક
સાધુ જ્ઞાનવર્ધનદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA NITYA SADHANA (Gujarati Edition)

By Sadhu Jnanvardhandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-958-3

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૧૮-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂ. ૨૨-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી. એ. પી. એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન

પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રત્યેક સાધક માટે નિત્ય સાધનાની સરળ રીત બતાવી છે. તેમાં ખાસ કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને કેન્દ્રમાં રાખીને તેમણે નિત્ય આચરણનો એક શાશ્વત માર્ગ ચીંધ્યો છે. પ્રત્યેક મુમુક્ષુએ આધ્યાત્મિક સાધનામાં નિત્ય જાગ્રત રહેવું જોઈએ તેના પર પણ તેમણે ખૂબ ભાર મૂક્યો છે. શ્રીહરિએ દર્શાવેલી એ નિત્ય સાધનાની સુંદર છણાવટ સાથે આ પુસ્તિકા આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક જ્ઞાનવર્ધનદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

નિત્ય સાધના

વાત છે અગિયારમી સદીની.

હિમાલયની પાછળનો રળિયામણો તિબેટ પ્રદેશ છે. મિલા રેપા નામનો એક શિષ્ય વિદ્યા ભણવા માટે લામા નામના ગુરુ પાસે આવે છે. ગુરુ લામા કહે: 'જો તારે વિદ્યા જ ભણવી હોય તો યોગવિદ્યા ભણજે. એના જેવી કોઈ વિદ્યા નથી. તું મારપા નામના ગુરુ પાસે જા, તે ભારતથી યોગવિદ્યા ભણીને આવ્યા છે.'

ગુરુને શોધવા રઝળપાટ કરતો કરતો તે એક દિવસ એક ખેડૂતના ઝૂંપડા પાસે પહોંચ્યો. તેણે એ ખેડૂતને ગુરુ મારપા વિષે પૂછ્યું, તો ખેડૂત કહે: 'મને ખેડ-કામમાં મદદ કર, તો હું બતાવું.'

'ગમે તે ભોગે ગુરુ મેળવવા જ છે' એમ નિર્ધાર કરી, મિલા રેપા ખેડ કામમાં લાગી ગયો. ગુરુ મારપા જ આ ખેડૂત હતા. પછી તો મિલા રેપા ત્યાં જ ગુરુના શરણમાં રહી ગયો. પરંતુ ગુરુએ તો યોગવિદ્યાને શીખવવાને બદલે તેને ખેતીકામમાં જ લગાડી રાખ્યો.

ઘણા સમય સુધી સતત ખેતી કર્યા પછી મિલા રેપા ગુરુ મારપાને કહે: 'મને જ્ઞાન આપો.'

મારપા કહે: 'એમ ને એમ વિદ્યા નહીં મળે. તારે રહેવું હોય તો રહે ને જવું હોય તો જા.'

તેણે ગુરુને કહ્યું: 'આપ જેમ કહેશો તેમ કરીશ. પણ મને વિદ્યા આપો.'

પછી બીજે દિવસે ગુરુએ મિલા રેપાને બોલાવ્યો ને કહ્યું: 'મારા શિષ્યો માટે ગોળ પૂર્વાભિમુખ મકાન બનાવ. કોઈની મદદ લેવાની નહીં. લાકડાં-પથ્થર તારે જ લાવવાનાં.'

મિલા રેપા ગુરુની આજ્ઞાથી સતત ને સખત મહેનત કરવા લાગ્યો. પીઠ ઉપર પથરા ઉપાડી લાવે. બાંધકામ માટે પાણી દૂરથી ભરી લાવે.

ઘણી મહેનતને અંતે અડધું મકાન થયું. ગુરુ નિરીક્ષણ કરવા આવ્યા. મારપા કહે: 'આ મકાન નહીં ચાલે, તોડી નાંખ. ને જ્યાંથી પથરા-લાકડાં લાવેલો ત્યાં પાછાં મૂકી આવ.'

આપણને થાય કે 'અરે ! આ કેવા ગુરુ ? મકાન તો તોડવાનું ને પથરાય જ્યાં હતા ત્યાં મૂકી આવવાના!?' ગમે તેવાનું મગજ ભમી જાય. પણ મિલા રેપા શ્રદ્ધાથી સાધનામાં મંડ્યો રહ્યો.

ફરી ગુરુ કહે: હવે બીજના ચંદ્ર આકારનું બીજું મકાન બાંધ.'

મિલા રેપાએ મકાન બાંધવાનું શરૂ કર્યું. જ્યાં અડધું મકાન થયું ત્યાં તે પણ ગુરુએ તોડી નંખાવ્યું.

પછી ત્રીજું ત્રિકોણાકાર મકાન બાંધવા કહ્યું, તે પણ અડધેથી તોડી નંખાવ્યું !

ચોથું એક ટેકરી પર નવ માળનું ચોરસ મકાન બાંધવા કહ્યું. તેમાં મિલા રેપાના ત્રણ ગુરુભાઈઓ હતા, તે રમતાં રમતાં પથ્થરની શિલા લાવેલા ને નકામી પડી રહેલી તે તેણે વાપરી.

ગુરુ કહે: 'આ ન ચાલે. મકાન તોડી નાંખ ને એકે-એક પથ્થર જ્યાં હતો ત્યાં પાછો મૂકી આવ.'

જ્યારે આ પ્રસંગ તમે વાંચી રહ્યા હશો ત્યારે તમારી ધીરજ ખૂટી ગઈ હશે કે ક્યારે પૂરી થશે આની કસોટી ?!! પરંતુ હજુ પૂરી થતી નથી. ગુરુએ પાંચમું બાર થાંભલાનું મકાન બનાવવા કહ્યું. પણ મિલા રેપાની શ્રદ્ધા સાધનામાં અડગ હતી. હવે તો ગુરુપત્નીને દયા આવી. તેણે મારપાને કહ્યું કે 'વર્ષો થયાં, હવે તો આને જ્ઞાન આપો. પથ્થર લાવી લાવીને આની પીઠ સોરાઈ ગઈ છે !'

મારપા કહે: 'એ તો ઘણા ઘોડા-ગધેડાની પણ પીઠ સોરાઈ જાય છે, સડી જાય છે, મેં મારા ગુરુ પાસે જે કષ્ટો સહન કર્યાં છે, એની આગળ તો આ કાંઈ નથી.'

છેવટે ગુરુએ લાત મારી તેને કાઢી મૂક્યો, છતાં પણ મિલા રેપા ગુરુની આજ્ઞા અનુસાર નિત્ય સાધનામાં મંડ્યો રહ્યો.

અંતે ગુરુ મારપા રાજી થઈ ગયા અને મિલા રેપાને કહ્યું: 'હવે તારી પરીક્ષા પૂરી થઈ.' એમ કહીને બધા શિષ્યોની હાજરીમાં મિલા રેપાને પોતાની ગાદીએ બેસાડી કહ્યું કે 'મારે એનાં પાપ ધોવાં હતાં. હવે તે કંચન જેવો શુદ્ધ થઈ ગયો છે.'

ત્યારપછી ગુરુએ તેને યોગવિદ્યા શિખવાડી.

મિલા રેપા વિશ્વમાં શ્રેષ્ઠ યોગગુરુ બન્યા તેનું કારણ છે – નિત્ય સાધના. બૌદ્ધ ધર્મની બધી શાખામાં મહાયોગી તરીકે આજે મિલા રેપા પૂજાય છે, એનું કારણ છે નિત્ય સાધના.

સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે: 'प्रयत्नस्य सातत्यं विजयाय भवति...' એટલે કે નિત્ય કરેલો પ્રયત્ન વિજય અપાવે જ છે. કહેતાં કે નિત્ય સાધના સફળતાના શિખરે પહોંચાડે જ છે, ભલે તે માર્ગ ભૌતિક હોય કે આધ્યાત્મિક.

હવે આપણે એ જાણીશું કે ગ્રંથશિરોમણિ વચનામૃત કઈ રીતે નિત્ય સાધનાનું પ્રેરક અને પોષક છે.

શરૂઆતમાં આપણે 'સાધના એટલે શું ?' તે સમજીએ...

સાધના એટલે શું ?

સાધના શબ્દ સંસ્કૃત ભાષાના 'સાધ્' ધાતુ ઉપરથી બનેલો છે. સાધના એટલે સંપન્ન કરવું, નિષ્પન્ન કરવું, પૂર્ણ કરવું, જીતવું.

સાધના એટલે સાધવું તે. સાધના એટલે નિશ્ચિત લક્ષ્યને સાધવા કે સિદ્ધ કરવા આવશ્યક પ્રયત્ન, પુરુષાર્થ કે ક્રિયા કરવી તે.

અર્થાત્ લૌકિક કે પારલૌકિક, સાંસારિક કે આધ્યાત્મિક, માયિક કે અમાયિક, કોઈપણ ક્ષેત્રમાં કરવામાં આવતો સખત અને સતત પુરુષાર્થ એટલે સાધના.

સંસારમાં દરેક વ્યક્તિ સાધના કરતી હોય છે. કોઈની સાધના ભુક્તિ માટે હોય છે તો કોઈની સાધના મુક્તિ માટે હોય છે; કોઈની સાધના અર્થ અને કામ માટે હોય છે, તો કોઈની સાધના ધર્મ અને મોક્ષ માટે હોય છે; કોઈની સાધના સત્તા-સંપત્તિ-સુંદરી માટે હોય છે તો કોઈની સાધના શાશ્વત સુખ માટે હોય છે; કોઈની સાધના સ્વાર્થ માટે હોય છે તો કોઈની સાધના પરાર્થ માટે હોય છે. અર્થાત્ સાધના તો દરેક વ્યક્તિ કરે જ છે ભલે પ્રકાર-પ્રયોજન જુદાં જુદાં હોય.

વિજ્ઞાન હોય કે અધ્યાત્મજ્ઞાન, વેપાર કરવો હોય કે માયાથી મુક્ત થવું હોય; દરેકમાં સખત અને સતત સાધનાની આવશ્યકતા છે.

આમ જોવા જઈએ તો સાધના શબ્દના અર્થમાં જ સખત અને સતત વિશેષણો સમાઈ જાય છે. છતાં ઘણી વાર સખત સાધના કરવા છતાં સતત સાધનાના અભાવે સફળતાથી વંચિત રહી જવાય છે. માટે સતત સાધના ઉપર વિશેષ ભાર આપવા નિત્ય વિશેષણ લગાડ્યું છે. તો હવે આપણે 'નિત્ય સાધના' વિષે વિશેષ ચિંતન કરીશું.

નિત્ય સાધના એટલે શું?

નિત્ય શબ્દનો અર્થ છે – કાયમ, સતત, દરરોજ, નિરંતર, અખંડ, સદા.

નિત્ય સાધના શારીરિક અને આંતરિક – એમ બે પ્રકારની છે. તેમાં આંતરિક સાધનાનું પ્રમાણ વધુ છે.

ભગવાન સ્વામિનારાયણ ભિન્ન-ભિન્ન વચનામૃતોમાં એવી નિત્ય સાધનાની વારંવાર પ્રેરણા આપે છે.

જેમ કે –

- ઉત્તમ વૈરાગ્યવાળો વિષયને વિષે **નિરંતર** દોષને દેખતો રહે. (ગ.પ્ર. ૨)
- ભગવાનના સ્વરૂપમાં મનની **અખંડ** વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ કામ નથી. (ગ.પ્ર. ૧)
- આ વાતને **નિત્ય** આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો. (ગ.મ. ૧૩)
- શોક તો **ક્યારેય** કરવો નહીં. (લો. ૪)
- જાગ્રત સ્વપ્નમાં એને **સર્વકાળે** એ વાતનો જ આલોચ રહે. (ગ.અં. ૩૯)
- **સદા** આનંદમાં રહેવું. (ગ.મ. ૬)
- **દિવસે દિવસે** પોતાને વિષે અવગુણને દેખે. (ગ.પ્ર. ૬)
- નિર્માન આદિક વર્તમાનમાં **કોઈ દિવસ** ચૂક પડવા દેશો નહીં. (જે. ૩)
- અમારો સ્વભાવ (સ્વભાવ એટલે નિત્ય એકની એક ક્રિયા કરવાની ટેવ) તે તો **સદા** ગુણગ્રહણ છે. (જે. ૩)
- પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે **અનુસંધાન** (નિત્ય એનો જ

વિચાર) તે રાખવું. (ગ.મ.૬૦)

- **ક્ષણમાત્ર** મનને નવરું રહેવા દેવું નહીં. (ગ.મ.૩૩)
- એવી **સદાય** રુચિ રહે છે. (ગ.અં.૧૩)
- **આઠે પહોર** તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. (ગ.પ્ર.૨૮)
- **દેહ પર્યંત** મૂંઝાય નહીં. (ગ.પ્ર.૭૬)
- **રાત-દિવસ** સંભારવાનો અધ્યાસ રાખવો. (સા.૩)
- જે વાર્તા નિશ્ચય કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને **રાત-દિવસ** સંભારવાનો જે અધ્યાસ રાખવો, તેને નિદિધ્યાસ કહીએ. (સા.૩)

વગેરે...

નિત્ય એટલે નિરંતર. કોઈ પણ ક્રિયા નિત્ય કરવી એટલે જ્યાં સુધી નિશ્ચિત લક્ષ્યની સિદ્ધિ ન થાય ત્યાં સુધી નિયમિતપણે કે નિરંતર પ્રયત્ન કરવો તે.

કોઈ ક્રિયા નિરંતર કરવી એટલે એક પણ સેકન્ડ અટક્યા વગર ૨૪ કલાક, ૧,૪૪૦ મિનિટ, ૮૬,૪૦૦ સેકન્ડ ક્રિયા ચાલુ જ રાખવી એવો અર્થ નથી. એવી નિત્યતા રાખવી અશક્ય છે. સાધનામાં કેટલીક ક્રિયા દર વર્ષે તો કેટલીક દર મહિને, કેટલીક ક્રિયા દર અઠવાડિયે તો કેટલીક દરરોજ, કેટલીક ક્રિયા દર મિનિટે તો કેટલીક દર સેકન્ડે કરવાની હોય છે. જે ક્રિયા જે જે સમયગાળાના અંતરે કરવાની હોય તે ક્રિયા તે સમયગાળા અનુસાર નિયમિતપણે, ક્રિયાની સંપૂર્ણ ફલશ્રુતિ મળે ત્યાં સુધી થતી રહે એને નિત્ય-ક્રિયા કરી કહેવાય.

આધ્યાત્મિક માર્ગે વાર્ષિક આવકના દશમા કે વીસમા ભાગરૂપે ધર્માદો દર વર્ષે કે દર મહિને અપાતો રહે તે નિત્ય ધર્માદો કર્યો કહેવાય.

અઠવાડિક સભામાં દર અઠવાડિએ એક વાર જવાનું હોય તેમાં એક પણ સભા ચૂક્યા વગર જવાતું હોય તો નિત્ય અઠવાડિક સભા કરી કહેવાય.

દરરોજ સવારે એક વાર પૂજા કરવાની હોય, દરરોજ એક વાર મંદિરે દર્શન કરવા જવાનો નિયમ લીધો હોય, દરરોજ રાત્રે ચેષ્ટા બોલવાની હોય, દરરોજ એક વચનામૃત અને સ્વામીની વાતોનું વાંચન કરવાનો નિયમ લીધો હોય કે દરરોજ ઘરસભા કરવાનો નિયમ લીધો હોય – આ બધી ક્રિયાઓ દરરોજ વર્ષો સુધી ચાલુ રહે તો તેને તે તે ક્રિયા નિત્ય પૂજા કે નિત્ય દર્શન કે

નિત્ય ચેષ્ટા કે નિત્ય વાંચન કે નિત્ય ઘરસભા કરી તેમ કહેવાય.

રોજ દરેક ક્રિયામાં પ્રગટ ગુરુહરિની સ્મૃતિ રહે, દરેક ક્રિયામાં ભગવાન ને સંતને રાજી કરવાનો વિચાર રહે, આત્માનો વિચાર રહે કે ભગવાનના કર્તાપણાનો વિચાર રહે, તો તેને તે તે ક્રિયા નિત્ય સ્મૃતિ કે નિત્ય રાજીપાનો વિચાર કે નિત્ય આત્મવિચાર કે નિત્ય કર્તાપણાનો વિચાર કર્યો કહેવાય.

વચનામૃતમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ આધ્યાત્મિક માર્ગમાં આવી નિત્યતા રાખવાની વાત ખૂબ સુંદર શબ્દોમાં વર્ણવે છે:

- "જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહીં; કાં જે, આગલા દિવસનું જળ આગલે દિવસ સુકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસ સુકાઈ જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય." (ગ.પ્ર. ૨૩)

અને છેલ્લે, વચનામૃતની સાક્ષીએ જ એવા નિત્ય સાધનાના કેટલાક મુદ્દાઓ પર નજર કરીએ...

- આ વાતને નિત્યે નવી ને નવી રાખજો, પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન-દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે. (ગ.મ. ૧૩)
- જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં... શ્રદ્ધારહિત થવું નહીં અને પોતાને વિષે અપૂર્ણપણું માનવું નહીં. ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને ને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો. (ગ.મ. ૮)
- ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે. (ગ.પ્ર. ૧૫)
- સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે? એ તો નિશ્ચય નાશ પામશે. (ગ.મ. ૩૩)

- આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો. (ગ.મ.૪૦)
- ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો. અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર કરવી એમ અમારી આજ્ઞા છે; તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા. (લો. ૧૮)

નિત્ય સાધના ન કરવાથી ગેરફાયદા

કોઈ વ્યક્તિ સખત સાધના કરે છે, પણ સતત સાધના એટલે કે નિત્ય સાધના નથી કરતી તો શું થાય ?

કોઈ માણસ સાધના કરવાની શરૂઆત કરે પરંતુ નિત્ય ન કરે એટલે કે અધવચ્ચે પડતી મૂકે, તો તેણે આગળ કરેલી સખત સાધના પાણીમાં જાય અથવા ધાર્યું પરિણામ ન મળે. ઘણી વાર મળેલી સફળતા પણ નાશ પામી જાય.

સખત સાધના વ્યર્થ જાય

જેમ કે કોઈક વ્યક્તિ અમદાવાદથી મુંબઈ જવા નીકળે. ગાડી દ્વારા મુંબઈ પહોંચતાં પાંચ કલાક લાગે તેમ હોય, પરંતુ તે ચાર કલાક સુધી ગાડી ચલાવે ને મુંબઈ ન આવે તો કંટાળીને ગાડી બંધ કરી બેસી જાય, તો ચાર કલાકનો પુરુષાર્થ નિત્યતાના અભાવે નિરર્થક જાય.

કોઈક વ્યક્તિએ લાકડું કાપવા માટે કુહાડીના પચ્ચીસ ઘા માર્યા છતાં લાકડું ન કપાયું હોય તેથી તે નિરાશ થઈને કાપવાનું છોડી દે તો ? શક્ય છે કે પછીના છવ્વીસમા ઘાથી લાકડું કપાઈ જવાનું હોય ! પણ આવશ્યક સમય સુધી પુરુષાર્થની નિત્યતા ન જાળવી તેથી તેની સાધના પાણીમાં ગઈ.

એ વાત સમજાવતાં વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- "ઘડીક પોતાને આત્મારૂપ માને અને ઘડીક દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એને ગોબરો જાણવો, માટે એના અંતરમાં સુખ ન આવે. જેમ સુંદર અમૃત સરખું અન્ન હોય ને તેમાં થોડુંક ઝેર નાખ્યું હોય, તો તે અન્ન સુખદાયી ન થાય, સામું દુ:ખદાયી થાય છે. તેમ આઠે પહોર આત્માનો વિચાર કરીને એક ઘડી પોતાને

દેહરૂપ માનીને સ્ત્રીનું ચિંતવન કરે એટલે એનો સર્વે વિચાર ધૂળમાં મળી જાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૪)

ધાર્યું પરિણામ ન મળે

કોઈક વિદ્યાર્થી દસમા કે બારમા ધોરણમાં ભણતો હોય, સ્કૂલમાં નિત્ય જતો હોય, હોમવર્ક પણ રોજ કરતો હોય, છ માસિક પરીક્ષામાં ૯૫% આવ્યા હોય, નવ માસિક પરીક્ષામાં ૯૫% આવ્યા હોય, તેમ છતાં વાર્ષિક પરીક્ષામાં વર્લ્ડકપની મેચ જોવામાં રોજ રિવિઝન ન થયું તો પરિણામમાં કેટલો ફેર પડી જાય? સ્કૂલમાં માંદગીને કારણે રજા પડે ને જે ચેપ્ટર્સ ભણવામાં છૂટી ગયાં હોય, એને લીધે પરીક્ષામાં માર્ક્સમાં કેટલો ફેર પડી જાય? થોડીક સ્કૂલમાં જવાની કે રિવિઝનની નિત્યતા તૂટી તો પરિણામ ધાર્યું ન આવે.

આ વાત સમજાવતાં વચનામૃત કહે છે :

- ''જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

મળેલી સફળતા નાશ પામે

સંગીતકાર રોજ પ્રૅક્ટિસ ન કરે તો? ગમે તેવો તબલાંનો ખેરખાં હોય પણ એક દિવસ પ્રૅક્ટિસ ન કરે તો તેને ખબર પડે કે તબલાં જોઈએ તેવાં વાગતાં નથી. બે-ત્રણ દિવસો પ્રૅક્ટિસ ન કરે તો બીજા તબલાંવાદકને ખબર પડે કે તબલાં બરાબર વાગતાં નથી. પણ થોડા વધારે દિવસો પ્રૅક્ટિસ ન કરે તો શ્રોતાઓને પણ ખબર પડી જાય કે તબલાં બરાબર વાગતાં નથી. નિત્ય સાધના ન કરે તો પ્રથમ સારું વગાડતો હોય ને સફળતા મળી હોય છતાં તે ધોવાઈ જાય.

વચનામૃત આ ખોટને જણાવતાં કહે છે:

- ''જેમ કોઈક પુરુષ શ્લોક શીખ્યો હોય તથા કીર્તન શીખ્યો હોય ને તેને પૂછીએ જે, 'તને આ શ્લોક તથા કીર્તન આવડ્યો?' ત્યારે તે કહે જે, 'આવડ્યો,' ને કંઠથી મુખપાઠે કહી દેખાડે; પણ પછી થોડાક દિવસ થાય ત્યારે તે શ્લોક-કીર્તનને ભૂલી જાય... કેમ જે, શ્રવણ-મનને કરીને એનો દૃઢ અભ્યાસ થઈને એના જીવમાં એ શ્લોક-કીર્તન ચોંટી નહોતો ગયો.'' (વચનામૃત પંચાળા પ્રકરણ ૪)

નિત્ય સાધના કરવાથી ફાયદા

સફળતા અવશ્ય મળે

૧૯૮૧માં અમેરિકામાં યોજાયેલી બોસ્ટન મેરેથોન રેસમાં ટોશીહિકો સેકો નામની વ્યક્તિ પ્રથમ નંબર લાવી. તેમને પૂછવામાં આવ્યું કે 'તમારો પ્રથમ નંબર આવ્યો તેનું રહસ્ય શું?'

તેઓ કહે: 'ફક્ત રોજ સવારે ૧૦ કિલોમીટર અને સાંજે ૨૦ કિલોમીટર હું દોડતો. બીજી કોઈ તાલીમ લેતો નહીં. પણ રોજ નિયમિત કરતો તેથી જીતી શક્યો.'

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે:

- 'ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય.' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૩)

ઘણું મોટું કામ થાય

નિત્ય સાધના કરવાથી ખબર પણ ન પડે ને ઘણું મોટું કામ થાય, એ લોકજીભે ચડેલી કાવ્યપંક્તિઓમાં જોઈએ...

ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય,
ચાર-ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય;
પોપટ પણ અભ્યાસથી શીખે બોલતાં બોલ,
કાયર થઈ આળસ કરે તે નર ખરને તોલ;
કૂવા પરના કઠણ જે પાકા કાળા પાણ,
દોરડીએ છેદાય છે, એ લેવું એંધાણ...

અઘરું ન લાગે, સરળ લાગે

નિત્ય સાધનાનો ફાયદો ગણાવતાં યોગીજી મહારાજ એક બોધકથા કહેતા.

એક પટેલને ત્યાં ભેંસ વિયાઈ ને પાડી આવી. પટેલને તે પાડી ઉપર ખૂબ હેત, તેથી પાડીને ખભે ચડાવીને ફરે.

ધીરે ધીરે વિચાર આવ્યો કે 'આને મેડા પર લઈ જઉં.' પછી તો દરરોજ પાડીને મેડા પર લઈ જાય. પાડી દિવસે દિવસે મોટી થતી ગઈ. વજન પણ વધતું ગયું. છતાં રોજ પટેલ પાડી લઈને મેડે ચડી જાય. વરસ જતાં તે મોટા કદની ભેંસ થઈ ગઈ.

એક વાર પટેલને ત્યાં મહેમાન આવ્યા. પટેલે તેમની સાથે શરત મારી કે ભેંસને ઊંચકીને મેડા પર જે ચડાવી દે તેને ૧૦૦/- રૂપિયા મળે.

મહેમાનને નિત્ય સાધના નો'તી તો ભેંસને ઊંચકવા જતાં તે ફસડાઈ પડ્યા. પરંતુ આ પટેલને તો નિત્ય સાધના હતી તેથી તરત જ ભેંસને ઊંચકીને મેડા પર ચડાવી દીધી.

નિત્ય પ્રૅક્ટિસ કરી તો અઘરું કામ અઘરું ન લાગ્યું, સરળ થઈ ગયું ને ૧૦૦/- રૂપિયા જીતી ગયા!

ઓછી મહેનતે વધુ કામ થાય

ખૂબ સુંદર કહેવત છે: *'ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય...'* ખરેખર, આ કહેવત નિત્ય સાધના કરે તો ઓછી મહેનતે વધુ કામ થાય તેનું ઉત્તમ ઉદાહરણ છે.

પશ્ચિમ આફ્રિકાના લાઈબેરિયા દેશના એક પત્રકારે બિલ રોજર્સ નામની એક વ્યક્તિને પ્રશ્ન પૂછ્યો: 'તમે લાંબી દોડમાં ચૅમ્પિયન થવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે ખરેખર કોને યશભાગી માનો છો?'

બિલ રોજર્સે જવાબ આપ્યો: 'એક ચોરને.'

પત્રકારે પૂછ્યું: 'ચોર?! એ કઈ રીતે?'

બિલ કહે: 'મારી ઑફિસ ૭ કિલોમીટર દૂર હતી. હું બાઇકથી રોજ ઑફિસે જતો હતો. પરંતુ એક દિવસ બાઇક ચોરાઈ ગયું. પછી હું સાઇકલ

લઈને ઑફિસે જવા લાગ્યો. તે પણ ચોરાઈ ગઈ. પછી મેં રોજ દોડતાં દોડતાં જ ઑફિસે જવાનું નક્કી કર્યું. બસ, રોજની વર્ષોની આ પ્રેક્ટિસે મને લાંબી દોડમાં ચેમ્પિયન બનાવી દીધો.'

આવાં અનેક ભૌતિક ઉદાહરણો પણ નિત્ય સાધનાની જ ગરિમા ગાય છે. ભૌતિક માર્ગમાં પણ નિત્ય સાધનાની અનિવાર્યતા હોય, તો પછી આધ્યાત્મિક માર્ગમાં તો નિત્યતા સિવાય કેવી રીતે ચાલે?

નિત્ય સાધના ન થવાનાં કારણો

ઉત્સાહ ઓસરી જાય ત્યારે...

ગુજરાતની પ્રસિદ્ધ કહેવત યાદ આવે છે: 'ગુજરાતી આરંભે શૂરા.' એનો અર્થ એ કે કોઈપણ કાર્યનો આરંભ તો ઉત્સાહથી થઈ જાય છે પરંતુ પછી તેમાં ધીરે ધીરે ઉત્સાહ ઓસરતો જાય છે ને નિત્ય સાધના પડી ભાંગે છે.

ઘણી વાર કથાવાર્તામાં કે શિબિરોમાં સાધના માટે થતી ઉત્સાહ, ઉમંગ અને શૂરવીરતાની વાતો સાંભળીને મનમાં થઈ જાય કે 'બસ, હવે તો આમ કરવું જ છે ને આમ વર્તવું જ છે.' આવા વિચારો સાથે થોડાક દિવસ એ સાધનાનું તંત્ર ચાલે પણ ખરું; પરંતુ પછી ધીરે ધીરે ઉત્સાહ ઓસરતો જાય, કંઈક કરી છૂટવાની ભાવના શિથિલ થતી જાય; અને પરિણામે જે કાંઈ કરવાનું નક્કી કર્યું હોય તે બંધ થઈ જાય અને સાધના અટકી જાય. આવું તો ઘણી વાર બને છે. આવી શિથિલ ને તૂટક સાધનાથી કંઈ વિશેષ લાભ થતો નથી.

આંતર-બાહ્ય વિઘ્નો આવે ત્યારે...

ઘણા સાધકો સાધના તો કરે પરંતુ કંઈક આંતર-બાહ્ય વિઘ્ન આવવાથી તેઓ સાધના છોડી દેતા હોય છે. જેમ કોઈ સાધક ત્યાગાશ્રમના માર્ગે ચાલ્યો પરંતુ તેનાં સગાં-સંબધી તરફથી વિરોધ થવા રૂપ બાહ્ય વિઘ્ન આવે તો તે ત્યાગી થવાનું માંડી વાળે. વળી, કોઈ શ્રાવણ માસમાં ઉપવાસ કરવાનો નિયમ લે, પણ શરીરમાં અશક્તિ આવે, પિત્ત ચડે, માથું દુખે ઇત્યાદિક બાહ્ય વિઘ્ન આવે ને ઉપવાસ બંધ કરી દે. આધ્યાત્મિક માર્ગે પણ ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવવા રૂપ આંતરવિઘ્ન આવે ને સત્સંગ છોડીને જતા રહે. પોતાનું માન ઘવાય ને સત્સંગ છોડીને જતા રહે.

સાધનાની ફલશ્રુતિ ન અનુભવાય ત્યારે...

વળી, સાધના કરવા છતાં કંઈ પરિણામ ન દેખાય, સાધનાની ફલશ્રુતિ ન અનુભવાય, ત્યારે સાધકને નિત્ય સાધના કરવાની ધીરજ રહેતી નથી. પરિણામે સાધનામાં શિથિલ થઈ જાય અથવા તો સાધના મૂકી દે.

હિમાલયમાં સાધના કરતા એક સંન્યાસી સત્યાનંદજીએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખ્યો હતો. તેમાં સાધનાની ફલશ્રુતિ ન દેખાતાં અનુભવાયેલી મૂંઝવણ રજૂ થાય છે. પત્ર તેમના જ શબ્દમાં આલેખ્યો છે :

'मैं प्रभुकृपा से ३६ वर्ष की उम्र में साधु बना और चार वर्ष स्वर्गाश्रम रहा। और पीछे गंगोत्री में रहता हूं। एक शीतकाल गौमुख के पास रहा हूं और एक वर्ष गौमुख के भी उपर तपोवन में भी रहा हूं। अब हमारी आयु ५६ वर्ष की है। गुरुसेवा, संतसेवा की। विचारमाला, वैराग्यशतक, विचारचन्द्रोदय, विचारसागर, गीता, रामायण संतो द्वारा पढ़ा, याद भी किया। डोंगरे महाराज का भागवत ७० से ८० बार पढ़ा और अखंडानंदजी का भागवत भी ४-५ बार पढ़ा। मेरा इष्ट श्रीकृष्ण भगवान है, और मंत्र 'ॐ श्रीकृष्णाय नमः' है। पहले उसका रोज १ लाख जप किया। पीछे विष्णुसहस्र का जाप रोज १०८ बार करता था। लगभग १०-१२ वर्ष नियमित रूप से बारह महिना गंगास्नान गंगोत्री में करता रहा। आजकल मन और शरीर बहुत मंद है। मन में बहुत डर लगता है कि जीवन शायद प्रभुप्राप्ति के बिना तो नहीं चला जायगा? कैसा भी होवे भगवान की प्राप्ति इसी जन्म में होवे ऐसा मार्गदर्शन करें और मेरी साधना में क्या रुकावट है, वह भी बताने की कृपा करें।'

ઉપરોક્ત ત્રણેય કારણોનો યોગ્ય ઉકેલ વચનામૃત ગ્રંથ આપે છે ને નિત્ય સાધના કરવા તરફ મુમુક્ષુને પ્રેરે છે.

વચનામૃત –
નિત્ય સાધનાનું પ્રેરક-પોષક

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં પાને-પાને નિત્ય સાધનાની પ્રેરણા આપી છે. તે સાધનાને કઈ રીતે વિના વિઘ્ને નિત્ય કરી શકાય ને યોગ્ય ફલશ્રુતિ મળે, તેનો સરળ ઉપાય બતાવી નિત્ય સાધનાને પોષી પણ છે.

નિત્ય સાધનાનો ઉત્સાહ કાયમ ટકે તેનો ઉપાય

ઉત્સાહ મંદ પડતો હોય ને નિત્ય સાધના અટકતી હોય તેવા સાધકને બળભર્યા શબ્દો ભગવાન સ્વામિનારાયણનાં વચનોમાંથી સાંપડે છે ને ફરી પાછો તે નિત્ય સાધના કરવા બેઠો થઈ જાય છે. તેઓ જણાવે છે:

- "મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથરો હોય છે તેને વિષે નિત્યે પાણીને સિંચવું તેણે કરીને નરમ દોરડી છે તે પણ કાપા પાડે છે; તેમ જે સાધુ જ છે ને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે? એ તો નિશ્ચય નાશ પામશે." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)
- "અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે. અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય અને નિત્ય નવીન શ્રદ્ધા રાખે... તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહીં; કેમ જે, શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'અનેકજન્મ-સંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્।' તે માટે એમ ને એમ ભગવાનને

ધારતો રહે. એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ.''
(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૫)

પ્રત્યેક સાધકે સમજી રાખવું જોઈએ કે અધ્યાત્મનો માર્ગ ધીરજનો છે. અહીં ઉતાવળ ન ચાલે. અનાદિ કાળથી જીવ સાથે વળગેલા અવિદ્યારૂપ કારણ દેહને તોડવાનું કામ; સ્વભાવ કે વાસનાનો નાશ કરવાનું કામ; જન્મોજન્મથી વિષયો તરફ જેમનો ઢાળ છે એવાં ઇન્દ્રિયો-અંતઃકરણને પાછાં વાળવાનું, એમને સંયમમાં રાખવાનું અને તેમના ઉપર વિજય મેળવવાનું કામ; તથા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનું કામ; જેટલું ધારીએ તેટલું સહેલું નથી અને એટલું ઝડપી પણ નથી. અંતઃશત્રુ પર વિજય મેળવવાનું કામ ગાડીમાં પેટ્રોલ પૂરવા જેવું કે પગમાં જોડા પહેરવા જેવું સહેલું ને સુગમ નથી. એમાં આકળા-ઉતાવળા થવાથી કામ સરતું નથી.

વિઘ્નોમાં નિત્ય સાધનાનો ઉપાય

કોઈ પણ લૌકિક કે આધ્યાત્મિક કાર્યમાં વિઘ્નો તો આવવાનાં જ; પરંતુ તે વિઘ્નોની સામે ઝૂકી નથી જવાનું, હિંમત નથી હારવાની અને સાધના છોડી નથી દેવાની. જો સાધક વિઘ્નોની સામે ચાલીને શૂરવીરતા દાખવીને, હિંમતભેર વિઘ્નોનો સામનો કરતાં કરતાં સાધના ચાલુ રાખે, તો જ કંઈક પામે. વિઘ્નોનાં વમળમાંથી બહાર નીકળવાનો ઉપાય બતાવતાં વચનામૃત કહે છે :

- ''કાકાભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ! જેને (કુસંગીની) લડાઈ આળસી ગઈ છે તે મરે ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો કાંઈ સંશય નથી, પણ જેને લડાઈ એમ ને એમ થાય છે તે મરે તેની શી ગતિ થાય? તે કહો.''

  ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેમ એક લડવા નીસર્યો તેને આગળ વાણિયા કે ગરીબ વર્ણ આવ્યા તેને જીતી ગયો તે પણ જીત્યો જ તો. અને એક તો લડવા નીસર્યો તેને આગળ આરબની બેરખ આવી તથા રજપૂત આવ્યા તથા કાઠી તથા કોળી આવ્યા, તેને તો જીતવા કઠણ જ છે પણ કાંઈ એ વાણિયાની પેઠે તરત જિતાઈ જાય એવા નથી, માટે એ તો એમ ને એમ લડે છે. અને

તેમાં જો જીત્યો તો જીત્યો અને જો લડતે લડતે શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો, પણ દેહનો આયુષ્ય આવી રહ્યો અને મૃત્યુને પામ્યો. તો પણ જે એનો ધણી છે તે શું નહીં જાણે જે, 'એને આગળ આવાં કરડાં માણસ આવ્યાં હતાં તે નહીં જિતાય અને આની આગળ તો વાણિયા આવ્યા હતા તે જિતાય એવા હતા?' એમ એ બેય ધણીની નજરમાં હોય. તેમ એની ભગવાન સહાય કરે જે, 'આને આવા સંકલ્પ-વિકલ્પનું બળ છે અને લડાઈ લે છે, માટે એને શાબાશ છે;' એમ જાણીને ભગવાન એની સહાય કરે છે. માટે બેફિકર રહેવું. કાંઈ ચિંતા રાખવી નહીં. ભગવાનને એમ ને એમ ભજ્યા કરવું ને સંતનો સમાગમ અધિક રાખવો ને કુસંગીથી છેટે રહેવું.'' એમ પ્રસન્ન થઈને શ્રીજીમહારાજ બોલતા હવા. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦)

ફલશ્રુતિ ન દેખાય છતાં નિત્ય સાધનાનો ઉપાય

સાધના કરતાં કરતાં ભલે કદાચ તેની ફલશ્રુતિ ન દેખાય, છતાં હિંમત ન હારતાં, બળ તથા ધીરજ સાથે તેને નિત્ય ચાલુ રાખવી– એમ જણાવતાં શ્રીહરિ કહે છે :

- ''તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદાને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહીં. એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫)
- ''એવી રીતે સારા-નરસા વિષયમાં સમાન બુદ્ધિ થવી તે તો જાણે જે, 'એક દિવસે જ એમ કરી લઉં ને નિર્મોહી થઉં,' એમ ઉતાવળે એ કામ થતું નથી; એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણી સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તો પણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તો પણ ઉતાવળે એવો કાપો ન પડે. માટે કલ્યાણને અર્થે જેને યત્ન કરવો હોય તેને

વિષયમાંથી આસક્તિ ટાળવી, એને વિષે આકળા થઈને અકળાઈ જવું નહીં. એવી રીતે ગીતામાં પણ કહ્યું છે જે, 'અનેકજન્મ-સંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્' માટે એમ વિચારવું જે, 'આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે, પણ ભગવાનના ભક્ત છીએ તે નરક-ચોરાસીમાં તો જવું નથી.' એવી રીતે ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧)

નિત્ય સાધનાનો આગ્રહ-અનુગ્રહ

નિત્ય સાધનાને વળગી રહેવાનો આગ્રહ - અનુગ્રહ કેવો હોવો જોઈએ તે સમજાવતાં શ્રીહરિ વચનામૃતમાં જણાવે છે :

- ''જે ભક્તને ભગવાનની કથા, કીર્તન, નામસ્મરણ ઇત્યાદિક જે દસ પ્રકારની ભક્તિ તથા ભગવાનનું માહાત્મ્ય તથા સ્વધર્મ તથા વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા સંતનો સમાગમ એનું બંધાણ હોય, તે એવું હોય જે, તે વિના કોઈ રીતે ચાલે જ નહીં. જેમ અફીણ આદિકનો બંધાણી હોય તેને તે વિના ચાલે નહીં ને તે અફીણ તો કડવુંઝેર છે તો પણ અફીણના બંધાણીને અફીણ વિના ચાલે નહીં. તથા દારૂનું બંધાણ હોય તો તે દારૂ પણ પીએ ત્યારે ગળું બળે એવો છે તો પણ તે વિના ચાલે નહીં. તે એને ઘણાક રૂપિયા આપે તો પણ એ બંધાણથી તે વહાલા ન થાય ને ન લે; કેમ જે, એ વ્યસન એના જીવ સંગાથે જડાઈ ગયું છે. તેમ જેને ભગવદ્ભક્તિ આદિક ક્રિયાનું બંધાણ થયું હોય તે ગમે તેવો કુસંગ થાય તો પણ તે વિના એને ચાલે જ નહીં ને એ વિના બીજા કાર્યમાં એનું મન રાજી થાય નહીં ને ભગવદ્ભક્તિ આદિક ક્રિયામાં એનો જીવ જડાઈ ગયો હોય ને એનો જ એને અતિ ઇશક હોય.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩)
- ''પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે

આવી પડે તો પણ ભગવાનની ઉપાસના-ભક્તિ, નિયમ-ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતીવા સરસ થાય, તેને ખરો હરિભક્ત કહીએ.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૫)

- ''ભગવાનનું દર્શન કરીને તથા વાર્તા સાંભળીને જો તેનું મનન ને નિદિધ્યાસ નિરંતર કર્યા કરે તો તેનો સાક્ષાત્કાર થાય, નહીં તો આખી ઉંમર દર્શન-શ્રવણ કરે તો પણ સાક્ષાત્કાર થાય નહીં.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૩)

આમ, જીવનમાં કોઈ પણ સંજોગોમાં સાધકે નિત્ય સાધના કરવી જ જોઈએ, એ શ્રીહરિએ વચનામૃતમાં ઉદ્‌બોધેલાં વચનો દ્વારા જાણ્યું.

હવે કઈ સાધના આપણે નિત્ય કરવાની છે તે વચનામૃતનાં વચનો દ્વારા સમજીએ.

વચનામૃત અનુસાર સાધનાના પ્રકાર

જીવનના છેલ્લા શ્વાસ સુધી કરવાની નિત્ય સાધના દર્શાવતાં શ્રીહરિ વચનામૃતમાં જણાવે છે :

- "જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન કરવાની ઇચ્છા હોય તે... પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)
- "ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઇત્યાદિક જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન..." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૭)
- "એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહીં ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહીં." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨)

અર્થાત્ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એટલે સંપૂર્ણ સ્વામિનારાયણીય સાધના. ગ્રંથરાજ વચનામૃતે આપણને કેટલી અદ્ભુત સાધના આપી છે.

વચનામૃતે આપેલી અદ્ભુત સાધના

વચનામૃતે આપેલી સમન્વયાત્મક સાધના

કેટલીક સાધના ફક્ત ધર્મપ્રધાન હોય તો કેટલીક સાધના ત્યાગ-તપ-પ્રધાન હોય; કેટલીક સાધના ભક્તિપ્રધાન હોય તો કેટલીક ફક્ત જ્ઞાનપ્રધાન હોય છે. આમ, સાધનાના કોઈ એક જ અંગનું અતિશય પ્રધાનપણું બતાવીને મુમુક્ષુને એ જ માર્ગે દોરવાનો પ્રયત્ન થતો હોય એવું ઘણા ગ્રંથો, પ્રવચનો કે સંપ્રદાયોમાં જોવા મળે છે. પરંતુ ગ્રંથરાજ વચનામૃત એ બાબતે એક વિશિષ્ટ પ્રકારનો ગ્રંથ છે, કારણ કે તેમાં સાધના-પંથનાં બધાં જ અંગો-સાધનોનો યથાયોગ્ય પ્રમાણમાં સુભગ સમન્વય છે.

વચનામૃત ગ્રંથે સાધનામાં તપ, ત્યાગ, નિયમ-ધર્મ, ધ્યાન, યોગ, તીર્થ-યાત્રા, શાસ્ત્રપઠન, આત્મવિચાર વગેરેની ઉપયોગિતા કે આવશ્યકતા સમજાવી છે. પણ કોઈ સાધક ફક્ત તપ કરીને કે ફક્ત ત્યાગ રાખીને, નિયમ-ધર્મ પાળીને કે યૌગિક સાધના કરીને, તીર્થયાત્રા કરીને કે શાસ્ત્રપઠન કરીને અથવા તો ફક્ત આત્મવિચારમાં પોતાની સાધનાની પૂર્ણાહુતિ માની લે એ વચનામૃતને સ્વીકાર્ય નથી. એટલે જ વચનામૃત ગ્રંથમાં ભગવાનની ઉપાસના અત્યંત મહત્ત્વની અને અનિવાર્ય બતાવી હોવા છતાં, કોઈ સાધક ભગવાનના જ્ઞાન કે મહિમાના ઓથે નિયમ-ધર્મ ન લોપે કે તપ-સંયમનો ત્યાગ ન કરે, આળસ, પ્રમાદ અને ગાફલાઈ રાખીને જાણપણું ચૂકી ન જાય એ માટે ચેતવણી આપી છે.

સાધક સ્વભાવ કે વાસના સામેના યુદ્ધમાં હિંમત હારી ન જાય, શ્રદ્ધા ગુમાવી ન બેસે, તે માટે વચનામૃત ભગવાનની પ્રાપ્તિનો વિચાર ને પૂર્ણકામ-પણું કે કૃતાર્થપણું માનવાની વાત કરે છે (વચ. ગ.પ્ર. ૩૨).

વળી, પ્રાપ્તિના ખોટા કેફમાં સાધક છકી ન જાય એનું પણ જાણપણું વચનામૃત આપે છે (વચ. ગ.પ્ર. ૨૫).

ભગવાન ને સત્પુરુષના સંબધમાં આવેલા બધા ભક્તોને બ્રહ્મની મૂર્તિ માનવાની વાત વચનામૃત કરે છે (વચ. ગ.મ. ૬૩). છતાં સત્સંગમાં કોઈક કુસંગી હોય અથવા મોળી વાત કરનાર હોય કે આજ્ઞા-ઉપાસનામાં ગૌણતા લાવે એવો હોય, તો તેને ઓળખીને છેટે રહેવાની વાત પણ વચનામૃત કરે છે (વચ. ગ.પ્ર. ૧૭).

ભગવાનના ભક્તોને બ્રહ્મની મૂર્તિ માનવાનો આદેશ આપનાર વચનામૃત, સંગશુદ્ધિની પણ વાત કરે છે (વચ. લો. ૬).

આંતરિક, માનસિક કે વૈચારિક સાધનાનો અત્યંત આગ્રહ વચનામૃત રાખે છે, છતાં દૈહિક સાધનામાં ગૌણતા નથી આવવા દીધી (વચ. કા. ૩).

ટૂંકમાં એવું કહી શકાય કે સાધનાના પ્રત્યેક સોપાનનો યથાયોગ્ય સમન્વય વચનામૃત ગ્રંથ આપે છે.

વચનામૃતે આપેલી સંપૂર્ણ સ્પષ્ટ સાધના

શ્રીહરિએ વચનામૃતમાં સાધના બાબતે કોઈનેય, ક્યાંય, ક્યારેય, કોઈ પણ રીતે - શંકા, કુશંકા, આશંકા, સંદેહ કે ચર્ચાનાં વમળોમાં ફસાવ્યા નથી. ડામાડોળ સ્થિતિમાં મૂક્યા નથી. નિર્ણયાત્મક અને નિશ્ચયાત્મક સાધનાપંથ જ આપ્યો છે. 'આ વાત તે સત્ય જ છે', 'તે વાત ખોટી છે' એવો સ્પષ્ટ નિર્ણય આપ્યો છે.

વળી, જે સાધનાના વિષયનું નિરૂપણ કર્યું છે તે વિષયને પણ છેક તળિયા સુધી લઈ ગયા છે. સાધનામાર્ગમાં સાધકને સાધનાલક્ષી કોઈ પણ બાબત અજ્ઞાત ન રહી જાય એવી ને એટલી સચોટ વાતો તેમણે વચનામૃતમાં નિરૂપી છે. દુનિયાના કોઈ પણ સાધકનું હૃદય કબૂલે કે વચનામૃતમાં અધ્યાત્મ માર્ગના દરેક વિષયની સંપૂર્ણ સ્પષ્ટતા છે.

જેમ કે, વૈરાગ્યનું નિરૂપણ કરે તો તેનાં લક્ષણોથી માંડીને તેને સિદ્ધ કરવાના ઉપાય, તેમાં સાતત્યનો ઉપાય, તેમાં આવતાં વિઘ્નો, તેમાં જાણપણું, તેની વ્યાખ્યા, ઉદાહરણો, તેના પાલનથી ફાયદા, તેના વગર ખોટ એ આદિક બધી જ છણાવટ વચનામૃત કરે છે. વૈરાગ્યનું નિરૂપણ ગઢડા પ્રથમ પ્રકરણ ૨,

૮, ૧૨, ૧૯, ૨૬, ૩૪, ૪૪, ૪૭, ૫૬, ૬૦, ૭૩; સારંગપુર પ્રકરણ ૧, ૨, ૭, ૧૧, ૧૫, ૧૮; કારિયાણી પ્રકરણ ૭; લોયા પ્રકરણ ૧, ૯, ૧૦, ૧૭; પંચાળા પ્રકરણ ૧; ગઢડા મધ્ય પ્રકરણ ૧, ૭, ૧૦, ૧૬, ૨૪, ૨૫, ૩૦, ૪૭, ૬૦; વરતાલ પ્રકરણ ૧૭, ૧૯; ગઢડા અંત્ય પ્રકરણ ૧, ૩, ૮, ૧૧, ૧૪, ૨૪, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૯ વગેરે ૫૦ કરતાં વધુ વચનામૃતમાં થયેલું છે.

વચનામૃતે આપેલી સર્વાંગ સંપૂર્ણ સાધના

શ્રીહરિએ વચનામૃતમાં સર્વ અંગે યુક્ત સાધના બતાવી છે. ઘણી વાર સાધનામાં એક અંગ હોય પણ એક અંગ ન હોય તો બહુ મોટી ખોટ રહી જાય.

એ ખોટ ન રહે તે માટે સર્વાંગ સંપૂર્ણ સાધના નિરૂપતાં શ્રીહરિ કહે છે:

- ''આ સત્સંગને વિષે પોતાના આત્યંતિક કલ્યાણને ઇચ્છતો એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી; તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચારે ગુણ તે સિદ્ધ કરવા.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૯)

વચનામૃતની આ જ તો વિશેષતા છે કે સાધનાના ક્ષેત્રની એક પણ વાત અવિદ્વાન નથી.

હવે આ સાધનાને કઈ રીતે નિત્ય કરવાની છે તેની વિશદ છણાવટ જોઈએ.

ધર્મ :
ધર્મનું નિત્ય આચરણ

ભગવાન સ્વામિનારાયણે પોતાના ભક્તો માટે જે જે વિધિ-નિષેધાત્મક આજ્ઞાઓ વચનામૃત અને શિક્ષાપત્રીમાં આપી છે તે પ્રમાણે નિત્ય વર્તવું એટલે ધર્મ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગી અને ગૃહસ્થ બન્ને પ્રકારના ભક્તો છે. એ અનુસાર ત્યાગીના ધર્મો ને ગૃહસ્થના ધર્મો ભિન્ન-ભિન્ન છે, છતાં અમુક અંશે સમાન પણ છે. ત્યાગીઓ માટે પંચ વર્તમાન છે – નિઃસ્વાદ, નિર્લોભ, નિઃસ્નેહ, નિર્માન, નિષ્કામ. બાઈ-ભાઈ ગૃહસ્થ હરિભક્તો માટે પંચ વર્તમાન છે – દારૂ ન પીવો, વ્યભિચાર ન કરવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વટલવું નહીં ને વટલાવવું નહી. અન્ય નિયમો પણ ભગવાન સ્વામિનારાયણે તથા પ્રગટ ગુરુહરિએ આપ્યા છે, તેનું પણ પાલન કરવું એ ધર્મ.

ધર્મનું નિત્ય પાલન

ધર્મનું પાલન નિત્ય કરવાની આજ્ઞા કરતાં વચનામૃત જણાવે છે :

- ''કામનું મૂળ ઊખડી જાય તો પણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહીં.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧)
- ''સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહીં, ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થઈ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે અને તેનું દુઃખ તો અતિશય લાગે છે... માટે સર્વ મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મોરથી જ કહી રાખ્યું છે જે,

'સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા.' શા માટે જે, જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે; તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે, 'બધા સત્સંગને મૂકીને જતા રહીએ.' માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક, પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)

- ''આ પ્રકરણની (નિઃસ્નેહીપણાની) જે વાર્તા તેને સંતમંડળ તથા સાંખ્યયોગી હરિભક્ત સમસ્ત તેમને નિત્ય પ્રત્યે કહેવી ને સાંભળવી... જે મોટેરો હોય ને જે દિવસ વાત ન કરે તો તેને તે દિવસ ઉપવાસ કરવો. અને જે શ્રોતા હોય ને તે શ્રદ્ધાએ કરીને આ ભગવાનની વાત સાંભળવા ન આવે તો તેણે પણ ઉપવાસ કરવો.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૯)
- ''નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો નહીં.'' (વચનામૃત જેતલપુર પ્રકરણ ૩)
- ''પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે, પછી અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઇન્દ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઇન્દ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય; માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો. (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)
- ''ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહીં... પોતાના ધર્મમાંથી ચલાયમાન થઈને પરમેશ્વરની પૂજા કરવી એ ઠીક નહીં.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૯)
- ''પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''સંપૂર્ણ સત્સંગ થયો તે કેને કહીએ ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એક તો અતિશય દૃઢ આત્મનિષ્ઠા હોય અને તે પોતાના આત્માને દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણથી અતિશય અસંગી માને; અને એ દેહ-ઇન્દ્રિયાદિકની

ક્રિયાઓ તે પોતાને વિષે ન માને તો પણ પંચ વર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહીં.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧)

- ''અને વળી એમ સમજે જે, 'એવા અતિશય મોટા જે ભગવાન તેની મર્યાદાને વિષે કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમા ઇત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે.' એવું જાણીને તે ભગવાને બાંધી જે ધર્મમર્યાદા તેને વિષે તે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે પણ તે ધર્મમર્યાદાનો ક્યારેય લોપ ન કરે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૨)
- ''તમારા સર્વેના હિતને કરે એવો બીજો ઉપાય કહું છું તેને તમે સાંભળો જે, પંચ વર્તમાન સંબંધી જે પોતાની ધર્મમર્યાદા તેનું જાણીને તો ક્યારેય ઉલ્લંઘન કરવું નહીં અને જો અજાણે તેનું ઉલ્લંઘન થાય તો તેનું તત્કાળ પ્રાયશ્ચિત્ત કરવું.'' (વચનામૃત જેતલપુર પ્રકરણ ૩)
- ''મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી.'' (વચનામૃત જેતલપુર પ્રકરણ ૪)
- ''ભગવાનનાં જે જે નાનાં-મોટાં વચન તેની ઉપર નિરંતર જેની દૃષ્ટિ રહે પણ વચન બહાર પગ દેવો પડે તેમાં અતિ કઠણ પડે અને તે વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે, તેને જાણીએ જે, એ ધર્મમાંથી આપત્કાળે પણ નહીં પડે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪)
- ''જે ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તે તો એમ વિચારે જે, 'ભગવાનની આજ્ઞાને વિષે બ્રહ્માદિક સમગ્ર દેવ રહ્યા છે, તે ભગવાનની આજ્ઞા મારાથી કેમ લોપાય ?' એમ જાણીને ભગવાનના નિયમમાં નિરંતર રહે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૩)
- ''પોતાને ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૧)

ધર્મનું નિત્ય પાલન કરનારનો સંગ

જે ધર્મી હોય કહેતાં ધર્મનું પાલન કરતો હોય તેનો નિત્ય સંગ -

સત્સંગ રાખવાની વાત વચનામૃત કરે છે:

- "હે મહારાજ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો અને નિત્ય તમારા ભક્તનો સમાગમ દેજ્યો.' એવી રીતે નિત્યે ભગવાનની પ્રાર્થના કરવી." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૮)
- "એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય. માટે એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો, જેથી જીવનું કલ્યાણ થાય; પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)
- "સંત, સત્શાસ્ત્ર અને ભગવાનની સેવા તેનો નિરંતર સંગ રાખે... તેને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨)
- "દિવસે દિવસે ભગવાનનું અતિશય માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)
- "ભૂંડો દેશ, ભૂંડો કાળ, ભૂંડી ક્રિયા અને ભૂંડો સંગ તેનો ત્યાગ કરીને રૂડો દેશ, રૂડો કાળ, રૂડો સંગ, રૂડી ક્રિયા તેને વિષે સદા પ્રવર્તવું, પણ ભૂંડાં દેશાદિકનો સંગ કરવો જ નહીં." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૨)

નિત્ય અધર્મનો ત્યાગ

ભગવાન અને સત્પુરુષની આજ્ઞા વિરુદ્ધ વર્તવું, અધ્યાત્મ-માર્ગમાં નુકસાન કરે તેવા સ્વભાવ રાખવા, મોળી વાત કરવી, જેની ના પાડી હોય તેવું આચરણ કરવું, જગતની વાસના વગરે અધર્મ છે તેનો ત્યાગ કરવાની વાત વચનામૃત સમજાવે છે:

- "વાતના કરનારા હિંમત્ય વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. તે કેવી રીતે વાત કરે છે? તો એમ કહે છે જે, 'ભગવાનનું જે વચન તેને યથાર્થ કોણ પાળી શકે છે? અને વર્તમાનધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે છે? માટે જેટલું પળે તેટલું પાળીએ, અને ભગવાન તો અધમઉદ્ધારણ છે તે કલ્યાણ કરશે;' અને

વાત કરે છે જે, 'ભગવાનનું સ્વરૂપ જે હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે.' એવી રીતની મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ઇત્યાદિ જે ભગવાનની પ્રસન્નતાનાં સાધન તેમાંથી બીજાને મોળા પાળે છે. માટે હવે આજ દિનથી આપણા સત્સંગમાં કોઈ પણ એવી હિંમત્યરહિત વાત કરશો નહીં, સદા હિંમત્ય સહિત જ વાત કરજ્યો. અને જે એવી હિંમત્યરહિત વાત કરે તેને તો નપુંસક જાણવો. અને એવી હિંમત્ય વિનાની વાત જે દિવસ થઈ જાય તો તે દિવસ ઉપવાસ કરવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૭)

- ''મારે તો અખંડ ભગવાનનું ચિંતવન કરીને એકાંતિક ભક્ત થવું છે.' અને જો કામ, ક્રોધ, લોભાદિક વિકારને વિષે મારી વૃત્તિ જશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થશે.' એમ જાણીને કુમાર્ગ થકી અતિશે જ ડરતો રહે અને અધર્મને વિષે કોઈ કાળે પ્રવર્તે જ નહીં. એવી રીતે સમજે તો ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તો પણ ધર્મમાંથી કોઈ કાળે પડે નહીં.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪)
- નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''એ કામાદિક શત્રુને ટાળ્યાનો શો ઉપાય છે?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ કામાદિક શત્રુ તો તો ટળે, જો એને ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે. જેમ ધર્મરાજા છે તે પાપીને મારવાને અર્થે દંડ લઈને રાત-દિવસ તૈયાર રહે છે, તેમ ઇન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઇન્દ્રિયોને દંડ દે અને અંતઃકરણ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને દંડ દે. તેમાં ઇન્દ્રિયોને કૃચ્છ્રચાંદ્રાયણે કરીને દંડ દે અને અંતઃકરણને વિચારે કરીને દંડ દે, તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય અને પોતાને ભગવાનના નિશ્ચયે કરીને સંપૂર્ણ કૃતાર્થ માને.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧)
- ''જેમ બાહેર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય

તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તો પણ અતિશય રાજી થવાય છે; તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામ-ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહીં. એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે... માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૫)

- ''જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, 'મેં અતિ મોટું પાપ કર્યું, જે માટે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો.' એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય, તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહીં તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહીં. અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહીં ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય. અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧)
- મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે તેનું શું કારણ છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''મોટા જે સાધુ તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે અને તે સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃદ્ધિ પામતું જાય છે ને તેને ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે. માટે તે સાધુનો અવગુણ ન લેવો ને ગુણ જે લેવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૩)
- ''પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના

એની ટળે નહીં. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ-દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે; તેમ નિરંતર વિચાર કરવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

નિત્ય અધર્મીનો ત્યાગ

જે અધર્મનું આચરણ કરતો હોય તેનો પણ ત્યાગ કરવો, કારણ કે તેના સંગ દ્વારા આપણે પણ અધર્મમાં વર્તવા લાગીએ. માટે એનું જાણપણું આપતાં વચનામૃત કહે છે :

- ''શુષ્ક વેદાંતી તે એને એમ ગુણ દેખાડે જે, 'આત્મા છે તેને જન્મ-મરણ નથી ને તે નિરાકાર છે અને તે ગમે એટલું પાપ કરે તો પણ તેને દોષ ન લાગે.' એવો એને ગુણ બતાવીને ભગવાનની મૂર્તિના આકારનું ખંડન કરી નાંખે ત્યારે એને એ મોટું વિઘ્ન થયું; કેમ જે, ભગવાનની મૂર્તિમાંથી પડી ગયો. માટે એ શુષ્ક વેદાંતીનો સંગ ક્યારેય ન કરવો અને એ શુષ્ક વેદાંતી તો મહાઅજ્ઞાની છે ને ભગવાનના ભક્તિમાર્ગમાં એવું મોટું કોઈ વિઘ્ન નથી.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૬)
- ''જે કુબુદ્ધિવાળો હોય તે કેમ સમજે ? તો 'એવા મોટા જે ભગવાન તે તો પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે. તે માટે કાંઈક ધર્મવિરુદ્ધ અવળું વર્તાઈ જશે તો તેની શી ચિંતા છે ? ભગવાન તો સમર્થ છે.' એવી રીતે માહાત્મ્યનો ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહીં, એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે. ને એવી સમજણવાળો હોય ને તે ઉપરથી ભક્ત જેવો જણાતો હોય તો પણ તેને ભક્ત ન જાણવો ને તેનો સંગ ક્યારેય ન કરવો.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૨)
- ''પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)
- શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જે ભગવાનનો ભક્ત હોય તેને નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરીને ને સ્તુતિ કરીને ભગવાન પાસે એમ

માગવું જે, 'હે મહારાજ! હે સ્વામિન્! હે કૃપાસિંધો! હે શરણાગતપ્રતિપાળક! કુસંગી થકી મારી રક્ષા કરજ્યો.' તે કુસંગી ચાર પ્રકારના છે – એક કુંડાપંથી, બીજા શક્તિપંથી, ત્રીજા શુષ્ક વેદાંતી અને ચોથા નાસ્તિક. એ ચાર પ્રકારના કુસંગી છે, તેમાં જો કુંડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે અને જો શક્તિપંથીનો સંગ થાય તો દારૂ-માંસ ખવરાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે અને જો શુષ્ક વેદાંતીનો સંગ થાય તો ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ-ઉપાસના તે થકી ભ્રષ્ટ કરે અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મને જ સાચાં કરી પરમેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્‌શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે. માટે ભગવાનની પાસે માગવું જે, 'એ ચાર પ્રકારના માણસનો કોઈ દિવસ સંગ થશો નહીં... અને એ કુસંગી થકી ને અંતઃશત્રુ થકી નિરંતર ડરતા રહેવું.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૮)

જ્ઞાન :
જ્ઞાન પ્રમાણે નિત્ય આચરણ

પરબ્રહ્મ સ્વામિનારાયણે પંચતત્ત્વનું અભિનવ જ્ઞાન આપીને તાત્ત્વિક-જગતમાં ઇતિહાસ સર્જ્યો છે. તે જણાવતાં વચનામૃત કહે છે :

- "વેદ, પુરાણ, ઇતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે, જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે." (ગઢડા અંત્ય પ્રકરણ ૧૦)

આ પાંચ તત્ત્વો – જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મનાં સ્વરૂપોને યથાર્થ જાણવું તે જ્ઞાન. એ જ્ઞાનનો આલોચ લગાડવાની આજ્ઞા વચનામૃત કરે છે :

- "પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન... એ બે પ્રકારનાં જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો... જેને આ બે વાતનો નિરંતર આલોચ રહે ત્યારે એને એ જ્ઞાન સિદ્ધ થાય." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯)

જીવ

જીવનું સ્વરૂપ યથાર્થ સમજવું એનું નામ જ્ઞાન છે. જીવો સંખ્યાની દૃષ્ટિએ અનંત છે. પ્રત્યેક જીવ હૃદયમાં રહે છે. સાકાર છે. અણુપરિમાણ છે. અનાદિ અને અનંત છે. જન્મતો નથી ને મરતો નથી. બળતો નથી. કપાતો નથી. પલળતો નથી. શરીરથી જુદો છે. દેહ નાશવંત છે, જ્યારે આત્મા અવિનાશી છે. દેહ દુઃખરૂપ છે જ્યારે આત્મા સુખરૂપ છે. દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે. આત્માને વિષે અક્ષરબ્રહ્મ ને પરબ્રહ્મ સદાય રહ્યા છે. જીવને કારણ શરીરરૂપ માયા અનાદિ કાળથી વળગી છે, એટલે જ તેને જન્મ-

મરણના ચકરાવામાં ફરવું પડે છે. જ્યારે જીવ અક્ષરબ્રહ્મનો મનન દ્વારા સંગ કરે ત્યારે બ્રહ્મના ગુણો જીવમાં આવે છે ને બ્રહ્મરૂપ થાય છે. ત્યારપછી પુરુષોત્તમની ઉપાસનાનો અધિકારી બને છે. અક્ષરધામનો અધિકારી બને છે. મુક્ત બને છે.

જીવના સ્વરૂપનું જે જ્ઞાન તેનો નિત્ય આલોચ રાખવો એમ જણાવતાં વચનામૃત કહે છે:

- ''પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦)
- ''હું તો એ ચિત્ત થકી જુદો છું અને હું તો એનો જોનારો આત્મા છું,' એમ જાણીને ચિત્તના સારા-ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહીં. પોતાને ચિત્ત થકી જુદો જાણીને ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬)
- ''ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭)
- ''બાળ, યૌવન, વૃદ્ધ, સ્થૂળ, કૃશ, જીવવું, મરવું એ સર્વે દેહના ભાવ છે, તે આત્માને વિષે માનવા જ નહીં; અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ એ જે સર્વે આત્માના ભાવ છે, તે કોઈ કાળે દેહને વિષે સમજવા જ નહીં, એ ગુણ તો આત્માને વિષે સમજવા.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૨)
- ''પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા તેનું જે નિરંતર અનુસંધાન... એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦)
- ''તેમાં એક તો મનને વશ કરવું જે, મનને વિષે અખંડ એવું મનન કરવું જે, 'હું આત્મા છું, દેહ નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)
- ''જેને આત્મનિષ્ઠા પ્રધાન હોય તે તો ત્રણ દેહ અને ત્રણ અવસ્થા તેથી પર અને સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર

વર્તે... અને તે પોતાનો આત્મા તથા તે પરમાત્મા તેના શુદ્ધ સ્વરૂપના પ્રતિપાદનની કરનારી જે વાર્તા તેને પોતે કરે અને બીજાથી સાંભળે તથા તેવી રીતના શાસ્ત્રમાં પ્રીતિએ યુક્ત વર્તે, અને પોતાને આત્મસત્તાપણે વર્તવું તેમાં વિક્ષેપ આવે તો તેને સહન કરી ન શકે એવી પ્રકૃતિવાળો હોય.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭)

આ રીતે જીવનું સ્વરૂપ જાણીને, એ આત્માની બ્રહ્મ સાથે એકતા કરવાની સાધના વચનામૃત દર્શાવે છે:

- ''નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧)
- ''માટે અમારી પણ એ જ આજ્ઞા છે જે, સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો. અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮)
- ''પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે. અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે, 'હું આત્મા છું અને મારે વિષે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે.' અને એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨)

ઈશ્વર

જીવથી જુદા માયામાં રહેનારા ઈશ્વર છે. ઈશ્વરો અનંત છે. પરબ્રહ્મની ઈચ્છાથી તેઓ બ્રહ્માંડનું સંચાલન કરે છે. પણ જીવની જેમ જ માયાથી બદ્ધ છે. ઈન્દ્રાદિ દેવથી લઈને પ્રધાનપુરુષ સુધી ઈશ્વરની કોટી છે, જે બ્રહ્માંડનું સંચાલન કરે છે. પરંતુ તેમણે પણ મુક્તિ મેળવવા મનુષ્ય-દેહ ધરી, જીવની જેમ જ સાધના કરવી પડે છે. અક્ષરબ્રહ્મનો મનન દ્વારા સંગ કરવાથી બ્રહ્મના ગુણો ઈશ્વરને વિષે આવે છે ને બ્રહ્મરૂપ થાય છે ને મુક્તિ થાય છે. ઈશ્વરના

સ્વરૂપને જાણવું એ જ્ઞાન છે.

વચનામૃત તેનું નિરૂપણ કરે છે:

- "વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે ઈશ્વરનું અન્વયપણું છે; અને એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્રપણે કહેવા તે ઈશ્વરનું વ્યતિરેકપણું છે... એ પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭)

ઈશ્વરોમાં પરબ્રહ્મે આપેલી વિશેષ સામર્થી છે એટલી જ જીવ કરતાં ઈશ્વરોની વધુ વિશેષતા છે. અન્યથા બંધન-મુક્તિ-સાધના આદિ બધી બાબતોમાં સમાનતા છે. માટે વિશેષ નિરૂપણ નથી કરવામાં આવ્યું.

માયા

માયા સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ વાળી છે. માયા જડ પણ છે ને ચૈતન્ય પણ છે. નિત્ય છે. પરબ્રહ્મની શક્તિ છે. વિવિધ વિસ્મયકારી છે. જીવને અનાદિ કાળથી વળગેલી છે. જીવને અહં અને મમત્વ કરાવનારી છે. જીવોને જન્મ-મરણ કરાવનારી છે. માયાને જ તમઃ, અવિદ્યા, પ્રકૃતિ, મૂળપ્રકૃતિ ઈત્યાદિ શબ્દોથી પણ ઓળખવામાં આવે છે. માયામાંથી સંપૂર્ણ સંસારની ઉત્પત્તિ થાય છે – પરબ્રહ્મ ને અક્ષરબ્રહ્મની ઈચ્છાથી. પ્રલયકાળે અનંત કોટિ બ્રહ્માંડોનો નાશ થાય છે ત્યારે સંપૂર્ણ માયા સંકોચાઈ ને અક્ષરબ્રહ્મના એક દેશમાં ત્રણ ગુણની સામ્યાવસ્થા ધારણ કરીને રહે છે.

માયાના સ્વરૂપનું નિરૂપણ જુદાં જુદાં વચનામૃતોમાંથી જોઈએ...

- "ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ" (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧)
- "... સહેજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહેજે જ હેત થાય છે. તે હેતરૂપી જ ભગવાનની માયા છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪)
- "ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે તે જ માયા છે."

(વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૬)

- ''ભગવાનને પણ પોતા જેવા મનુષ્ય જાણે છે પણ ભગવાનનો જે અલૌકિક મહિમા તેને જાણતા નથી; એ જ ભગવાનની માયા છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૫)

માયાના સ્વરૂપને જાણવું એનું નામ જ્ઞાન અને માયાનું યથાર્થ સ્વરૂપ જાણી તેનાથી છૂટવું એટલે મુક્તિ. માયાને બીજા શબ્દોમાં વાસના પણ કહે છે. ગ્રંથશિરોમણિ વચનામૃત માયા-વાસનાથી છૂટવાનો નિત્ય ઉપાય કરવાનું આપણને સૂચવે છે:

- શ્રીજીમહારાજે સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી આગળ વાર્તા કરી જે, ''ભગવાનની માયા તે કઈ છે? તો 'દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ' એ જ માયા છે, તે એ માયાને ટાળવી. અને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય. અને 'એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી,' એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો... માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું અને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯)
- ''માયિક એવાં જે પદાર્થમાત્ર તેના નાશવંતપણાનું જે અનુસંધાન... એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦)
- ''એક તો પ્રમાદ અને બીજો મોહ એ બેયનો જે ત્યાગ કરે તે સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે અને પ્રમાદ અને મોહ એનું જ નામ માયા છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૪)
- ''જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે, 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય.'' (વચનામૃત ગઢડા

પ્રથમ પ્રકરણ ૬૦)

- "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય તેને દેહનાં જે સગાંસંબંધી હોય તે સાથે હેત રાખવું નહીં. એમ સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનનાં ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું. આ જે અમે વાત કરી છે તેને જે અંતરમાં રાખે તેને કોઈ રીતે કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય જ નહીં અને આ જે વાત તે કરામત જેવી છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૨)

બ્રહ્મ

અક્ષરબ્રહ્મ નિત્ય છે. એક અને અદ્વિતીય છે. ગુણાતીત છે. ચેતન તત્ત્વ છે. અનાદિથી માયાપર છે. દિવ્ય કલ્યાણકારી ગુણોથી યુક્ત છે. માયિક ગુણોથી રહિત છે. કેવળ પરબ્રહ્મને આધીન છે. પરબ્રહ્મની નિત્ય ઇચ્છાથી અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ કરે છે. પરબ્રહ્મની જ ઇચ્છાથી સર્વ જગતના આધાર, વ્યાપક, નિયામક અને શરીરી છે.

એ અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપો છે: ચિદાકાશરૂપે અનંત કોટિ બ્રહ્માંડોમાં વ્યાપીને રહ્યા છે. અક્ષરધામરૂપે અનંત કોટિ મુક્તો અને પરબ્રહ્મને ધારી રહ્યા છે. વળી, અક્ષરધામમાં પરબ્રહ્મની સેવામાં રહ્યા છે. ને પૃથ્વી પર અનંત જીવોનો ઉદ્ધાર કરવા ગુણાતીત સત્પુરુષ ગુરુરૂપે અવતરે છે.

સંપ્રદાયના ગ્રંથોમાં બ્રહ્મ તત્ત્વનો અક્ષર, અક્ષરબ્રહ્મ, મૂળ અક્ષર મૂર્તિ, અક્ષરધામ, બ્રહ્મમહોલ, બ્રહ્મપુર એવા વિભિન્ન શબ્દોથી તેનો ઉલ્લેખ થયેલો છે. સાથે સાથે વચનામૃતમાં અક્ષરબ્રહ્મને સંત, સાધુ કે સત્પુરુષ શબ્દ દ્વારા પણ કહ્યા છે.

તે જ અક્ષરબ્રહ્મની પરંપરા એટલે ગુણાતીતાનંદ સ્વામી મહારાજ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ.

ગુરુપરંપરા દ્વારા પરબ્રહ્મ સ્વામિનારાયણ પોતે અંતર્ધાન થયા પછી પ્રગટ રહીને કલ્યાણનો માર્ગ ચાલુ રાખે છે. એનું પ્રમાણ વચનામૃત પણ કરે છે:

- "આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર

વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૯)

- ''ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી પર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧)

આ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ-સામર્થ્ય યથાર્થ જાણી તેનું નિત્ય મનન, નિદિધ્યાસ કરવો એમ વચનામૃત જણાવે છે...

- ''નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ જીવને વિશે આવે છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧)
- ''અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે, એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'' (વચનામૃત લોયા પ્રકરણ ૧૨)
- ''અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦)
- ''સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે. અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૦)

એ અક્ષરબ્રહ્મને યથાર્થ ઓળખી, તેમની સેવા-ભક્તિ કરવાની આજ્ઞા પણ વચનામૃત કરે છે:

- ''જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે; અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ

ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે; અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૫)

- ''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.' અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; માટે જેને પરમ પદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)
- ''સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧)

પરબ્રહ્મ

પરબ્રહ્મ નિત્ય છે. એક અને અદ્વિતીય છે. ચેતન છે. અનાદિથી માયા પર છે. સર્વે દિવ્ય ગુણોથી યુક્ત છે. સર્વે માયિક ગુણોથી રહિત છે. પરબ્રહ્મ અન્વયપણે અનંત કોટિ બ્રહ્માંડોમાં વ્યાપીને રહ્યા છે ને વ્યતિરેક સ્વરૂપે પોતાના દિવ્ય અક્ષરધામમાં સદાકાળ વિરાજમાન છે. જીવોના કલ્યાણને અર્થે અક્ષરધામમાં રહ્યા થકા આ પૃથ્વી પર પણ પધારે છે. આ પરબ્રહ્મ જીવ, ઈશ્વર, માયા ને અક્ષરબ્રહ્મના શરીરી છે ને એ ચારેય પરબ્રહ્મનાં શરીર છે. પરબ્રહ્મ સર્વકર્તા છે કહેતાં અનંત કોટિ બ્રહ્માંડોના કર્તાહર્તા છે. સર્વ ઐશ્વર્ય સંપન્ન છે. સર્વજ્ઞ છે. સદા દિવ્ય મનુષ્યાકાર સાકાર છે. સર્વોપરી છે. સર્વ

અવતારના કારણ અવતારી છે. અક્ષરબ્રહ્મ સત્પુરુષ દ્વારા સદા પ્રગટ છે. આવા પરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ જાણવું તેનું નામ જ્ઞાન.

પરબ્રહ્મના સ્વરૂપના જ્ઞાનનો નિત્ય આલોચ રાખવો એમ વચનામૃત જણાવે છે. પરબ્રહ્મના સ્વરૂપની 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી અદ્ભુત વાતો વચનામૃત(ગઢડા મધ્ય પ્રકરણ ૧૩)માં કરી છે. તેના કેટલાક અંશો જોઈએ:

- ''તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે... અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે... એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે... અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહીં. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહીં, સહજે જિતાઈ જશે... એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ... તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી ને અક્ષરધામના પતિ છે... ભગવાન તો મનુષ્ય દેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાન-પાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે... અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે; અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે... એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે...''

આ સ્વરૂપનિષ્ઠાની વાતનો નિત્ય નિદિધ્યાસ કરવા વચનામૃત કહે છે:

- "આ વાતને નિત્યે નવી ને નવી રાખજો... આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન-દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે, દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩)
- "સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮)
- "પ્રથમ તો મોટું લક્ષણ એ છે જે, ભગવાનને ક્યારેય પણ નિરાકાર ન સમજે, સદાય દિવ્ય સાકારમૂર્તિ સમજે... માટે ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. એવી રીતે જે આ સમજણ તે કોઈ રીતે કોઈ કાળે ડગી ન જાય, સદા એમ જ સમજે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫)
- "ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે, તે માટે એ અપરાધ તો ક્યારેય પણ

કરવો નહીં. અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે. અને ભગવાન તો સદા સાકારમૂર્તિ છે, તેને જે નિરાકાર સમજવા એ જ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે અને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે. અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે... તે માટે એ ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧)

- ''ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહીં અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહીં, એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦)
- ''ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાંખે તો સંશય પડે નહીં ને પોતાનું મન સંશય નાંખે તોય પણ સંશય પડે નહીં. એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૧)
- શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''કેવી મતિ એક પ્રકારની રાખ્યે રૂડું થાય ને તેને જો ફેરવીએ તો ભૂંડું થાય? અને કેવી મતિને વારંવાર ફેરવીએ તો રૂડું થાય ને ન ફેરવીએ તો ભૂંડું થાય?'' પછી તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, ''ભગવાનના નિશ્ચયરૂપ જે મતિ તેને તો ફરવા જ દેવી નહીં, ભગવાનનું માહાત્મ્ય સાંભળીને તેની પુષ્ટિ

વારંવાર કર્યા કરવી તો રૂડું થાય; ને એ મતિને વારંવાર ફેરવે તો ભૂંડું થાય.'' (વચનામૃત લોયા પ્રકરણ ૬)

- ''બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, 'ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમોહોલને વિષે નિવાસ કરે, તો જે એ ભગવાનનો આશ્રિત હોય તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે?' એમ માહાત્મ્ય સમજે. તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬)

વચનામૃતમાં ઉપરના શબ્દો પરથી સ્પષ્ટ સમજાઈ જાય છે કે વચનામૃતમાં જ્યાં જ્યાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની વાત આવી છે ત્યાં ત્યાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ નિર્દેશ છે. ક્યાંક પ્રચ્છન્ન રીતે એ વાત કહેવાઈ છે, તો ક્યાંક સ્પષ્ટતાથી કહેવાઈ છે. એ પ્રગટ પરબ્રહ્મની ઉપાસના એ જ મોક્ષનો એકમાત્ર ઇલાજ વચનામૃતમાં દર્શાવાયો છે.

વૈરાગ્ય :
વૈરાગ્યનું નિત્ય આચરણ

ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તે વૈરાગ્ય. માયામાંથી બનેલા સર્વે પદાર્થને નાશવંત, બંધનકારી, જન્મ-મરણ ઊભું કરનાર તથા દુઃખરૂપ જાણીને તેમાં પ્રીતિ ન રાખવી. એટલે પોતાનું શરીર, શરીરનાં સગાં-વહાલાં તથા સર્વે પદાર્થ અને વિષયભોગ એ આદિકમાં અનાસક્તિ એનું નામ વૈરાગ્ય.

કેટલીક વાર ત્યાગને જ વૈરાગ્ય માની લેવામાં આવે છે, પરંતુ ત્યાગ અને વૈરાગ્યમાં તફાવત છે. પદાર્થ, પંચવિષય, સગાં-સંબધીને છોડી દેવાં એ ત્યાગ છે, પરંતુ એ સર્વે વસ્તુનો અંતરથી ત્યાગ કરવો એ વૈરાગ્ય છે. એક વાર વૈરાગ્ય થાય પછી લૌકિક વસ્તુમાં ક્યારેય બંધન ન થાય. કેવળ દેહથી ત્યાગ હોય પણ વૈરાગ્ય ન હોય તો ફરી પાછો સંસાર વળગવાનો સંભવ છે.

પરંતુ એ પણ હકીકત છે કે દેહદમન-તપ-ત્યાગ દ્વારા વૈરાગ્યની દૃઢતા ધીરે ધીરે થાય છે. માટે ત્યાગ તો રાખવો જ...

- ''એકાદશીનો ઉપવાસ કરવો તેનું શું લક્ષણ છે? તો દસ ઇન્દ્રિયો ને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવાં તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય અને એવું વ્રત તો ભગવાનના ભક્તને નિરંતર કરવું.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)
- ''એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહીં અને દેહે કરીને કાંઈ ભૂંડું આચરણ કરવું નહીં... એકાદશ ઇન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય. અને

જેમ પ્રાણને અન્નનો આહાર છે તેમ જ શ્રોત્રને શબ્દનો આહાર છે અને ત્વચાને સ્પર્શનો આહાર છે ને નેત્રને રૂપનો આહાર છે ને જિહ્વાને રસનો આહાર છે ને નાસિકાને ગંધનો આહાર છે ને મનને સંકલ્પ-વિકલ્પનો આહાર છે. એવી રીતે અગિયારે ઇન્દ્રિયોના જુદા જુદા આહાર છે. તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ એકાદશી વ્રત કહેવાય, પણ અગિયારે ઇન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાના અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય... એવું વ્રત પંદર દિવસમાં એક વાર આવે તે ખબડદાર થઈને કરવું, તો તેને ઉપર ભગવાન પ્રસન્ન થાય છે... એવી રીતે જે હિંમત રાખીને જેવું મોરે કહ્યું તેવું એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા-કીર્તનાદિકને કરે ને સાંભળે ને રાત્રિએ જાગરણ કરે, તો તે વ્રત સાચું છે અને શાસ્ત્રમાં એનું જ નામ એકાદશી કહી છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮)

વૈરાગ્યનું નિત્ય આચરણ કરવાની આજ્ઞા કરતાં વચનામૃત જણાવે છે:

- ''જેને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય તેને તો એક ભગવાનની મૂર્તિ વિના જે સર્વે માયિક પદાર્થમાત્ર તેને વિષે નિરંતર અરુચિ વર્તે, અને અસત્યરૂપ જાણીને પોતે મળની પેઠે ત્યાગ કર્યાં જે ગૃહ, કુટુંબી આદિક પદાર્થ તેની નિરંતર વિસ્મૃતિ વર્તે, અને તે ભક્ત જે તે ત્યાગી એવા જે ભગવાનના ભક્ત તેના સમાગમને જ કરે, અને ભગવાનની ભક્તિ કરે તે પણ પોતાના ત્યાગમાં વિરોધ ન આવે તેવી રીતે કરે, અને ત્યાગ છે પ્રધાનપણે જેમાં એવી વાર્તાને પોતે કરે અને ત્યાગને પ્રતિપાદન કરનારું જે શાસ્ત્ર તેને વિષે રુચિવાળો હોય, અને પોતાના ત્યાગને વિષે વિરોધ કરનારાં જે સ્વાદુ ભોજન અને સદ્‌વસ્ત્રાદિક પંચવિષય સંબંધી માયિક પદાર્થમાત્ર તેને પામવાને વિષે અતિશય અરુચિ વર્તે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭)
- ''સાચો ત્યાગી કેને કહીએ? તો જે પદાર્થનો ત્યાગ કર્યો તેનો પાછો કોઈ દિવસ મનમાં સંકલ્પ પણ ન થાય.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)

- "ઉત્તમ વૈરાગ્યવાળો વિષયને વિષે નિરંતર દોષને દેખતો રહે અને વિષયને શત્રુ જેવા જાણે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨)

ભક્તિ :
ભક્તિનું નિત્ય આચરણ

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કરતાં ભક્તિ વિશેષ

સાધનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય કરતાં ભક્તિની પ્રધાનતા વિશેષ છે. અન્ય ત્રણ સાધનોનો નિષેધ નથી પરંતુ તે સહાયક ઉપકરણ છે, જ્યારે ભક્તિ મુખ્ય છે, એમ અનેક જગ્યાએ વચનામૃત પ્રતિપાદન કરે છે. જેમ કે –

- ''ભક્તિને વિષે દૈવત ઘણું છે અને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી અને ભક્તિ તો અતિ દુર્લભ છે... માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન-વૈરાગ્ય થકી અધિક છે અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે? કાંઈ બાકી નથી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦)
- ''આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાય-રૂપ ઉપકરણ છે, પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો અતિશય ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે, એટલો ધર્માદિક થકી ભક્તિને વિષે વિશેષ છે. તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી અને જો ધર્માદિક અંગનું સહાયપણું ન હોય તો વિષમ દેશકાળાદિકે કરીને ભક્તિને વિષે વિઘ્ન જરૂર થાય છે. તે માટે ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૨)

- "ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતાં હોય તો તેને પણ પાછાં પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું. અને જો ભક્તિને વિષે સહાયરૂપ થતાં હોય તો તો એ ઠીક છે, એમ સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૬)

ભક્તિ એટલે શું?

સાધનામાં ભક્તિની આવશ્યકતા સમજ્યા પછી હવે આપણે ભક્તિ એટલે શું? ભક્તિના પ્રકારો કયા કયા છે ને કેટલા છે? તે વચનામૃત દ્વારા સમજીએ.

- "હવે ભક્તિની રીત તો એમ છે જે, જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં. પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, 'વરવા યોગ્ય કોણ છે? તેને હું વરું.' પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહીં ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહીં. એવી રીતે ઘણાકને વિષે મોટાં મોટાં કલંક દીઠાં. પછી દેવતામાત્ર તથા દૈત્યમાત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વ ગુણે કરીને સંપૂર્ણ અને સર્વ દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દૃઢ ભક્તિ થઈ. પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવી ને ભગવાનને વર્યાં. માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે."
(વચનામૃત મધ્ય પ્રકરણ ૧૦)

લક્ષ્મીજીએ પ્રગટ વિષ્ણુ ભગવાનના ગુણો જાણી એમનો આશ્રય કરવારૂપ ભક્તિ કરી. વચનામૃતના આ સંદર્ભમાં, પ્રગટ ભગવાનને યથાર્થ ઓળખી તેમનો દૃઢ આશ્રય કરવો એ જ સાચી ભક્તિ છે, તેવું સ્પષ્ટપણે સમજાવ્યું છે. અર્થાત્ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭ પ્રમાણે પ્રગટ ભગવાન એટલે પરબ્રહ્મ સ્વામિનારાયણ અને ગઢડા પ્રથમ પ્રકરણ ૬૮ પ્રમાણે ભગવાનના અખંડ ધારક સંત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ઓળખી તેમની નિત્ય ભક્તિ કરવી.

વળી ભક્તિની વ્યાખ્યા સમજાવતાં વચનામૃત કહે છે:

- "શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ ।
  અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્ ॥
  એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦)

વળી આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ પણ વચનામૃત જણાવે છે:

- "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, 'ભગવાન તથા સંત તે મને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે'; એમ તેના હૈયામાં હિંમત્ય રહે. અને, 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહીં મનાય,' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૫)

તદ્ઉપરાંત, ભગવાન અને સંતમાં દિવ્યભાવ રાખવારૂપ ભક્તિ પણ વચનામૃત કરવાનું કહે છે:

- "જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય; અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦)

આમ, ભક્તિ એટલે ભગવાનના પ્રગટ સ્વરૂપને યથાર્થ ઓળખી, તેમનો દૃઢ આશરો કરી, તેમના વિષે દિવ્યભાવ અને મહિમા સહિતની તેમની આજ્ઞા અનુસાર નવધા ભક્તિ નિત્ય કરવી; એ શ્રીહરિનો મત છે.

નિત્ય ભક્તિ કરવાની પ્રેરણા

નિત્ય ભક્તિની પ્રેરણા આપતાં વચનામૃત જણાવે છે:

- "ભગવાનની કથા-શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહીં. જેમ કોઈક પુરુષને ભૂત વશ થયો હતો તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય; તેમ આ મન છે તે પણ ભૂત જેવું છે, તે જ્યારે ભગવદ્ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે, ત્યારે

એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય. માટે મનને અખંડ ભગવાનની કથા-કીર્તનાદિકમાં જોડી રાખવું, એટલે એ મન વશ થયું કહેવાય." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)

- "રાજનીતિ એમ ભણવી જે, પ્રથમ તો ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણવું. પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું ને ભગવાનની કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા, પણ ગ્રામ્યવાર્તા હોય તે સાંભળવા દેવી નહીં. તેમ જ ત્વચા તે ભગવાન ને ભગવાનના જન તેનો જ સ્પર્શ કરે; અને નેત્ર તે પરમેશ્વર ને તેના દાસ તેનું જ દર્શન કરે; અને રસના તે અખંડ ભગવદ્‌ગુણને જ ગાય ને ભગવાનનો પ્રસાદ હોય તેનો જ સ્વાદ લે; અને નાસિકા તે ભગવાનનાં પ્રસાદી જે પુષ્પાદિક તેનો જ સુગંધ લે; પણ કુમાર્ગે કોઈ ઇન્દ્રિયને ચાલવા દે નહીં. એવી રીતે જે વર્તે તેનો દેહરૂપી નગરને વિષે હુકમ કોઈ ફેરવે નહીં." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૨)
- સોમલે ખાચરે પૂછ્યું જે, "એવી રીતે જે પ્રેમમગ્ન થઈને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરતો હોય અથવા માનસી પૂજા કરતો હોય, તે ભક્ત કયે લક્ષણે કરીને ઓળખાય?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને ભગવાનની પૂજા-સેવાને વિષે તથા કથાવાર્તા, કીર્તનને વિષે અતિશય શ્રદ્ધા હોય તથા ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય ને એ બે વાનાં દિવસે દિવસે નવાં ને નવાં જ રહેતાં હોય, પણ ક્યારેય ગૌણ ન પડે. જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી; એ બે લક્ષણે કરીને તે ભક્તને ઓળખવો." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૩)
- "જેને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય તેને તો એક ભગવાનના સ્વરૂપને વિષે જ અતિશય દૃઢ પ્રીતિ વર્તે અને તે ભગવાનના સ્વરૂપથી અન્ય એવા જે માયિક પદાર્થ તેને વિષે પોતાના મનની વૃત્તિને ધારી શકે નહીં, અને પ્રેમે કરીને ભગવાનને વસ્ત્ર-અલંકારનું ધારણ

કરે, અને તે ભક્તને ભગવાનનાં જે મનુષ્યચરિત્ર તેના શ્રવણને વિષે અતિશય રુચિ વર્તે તથા ભગવાનની મૂર્તિના નિરૂપણને કરનારું જે શાસ્ત્ર તેને વિષે અતિશય રુચિ વર્તે, અને જે ભક્તને ભગવાનને વિષે પ્રેમને દેખે તે ભક્તને વિષે જ તેને પ્રીતિ થાય અને તે વિના તો પોતાના પુત્રાદિકને વિષે પણ ક્યારેય પ્રીતિ ન થાય, અને તે ભક્તને ભગવાન સંબંધી ક્રિયાને વિષે જ નિરંતર પ્રવૃત્તિ હોય.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭)

- ''એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)

મોટા મોટા ભક્તોના જીવન દ્વારા વચનામૃત આપણને નિત્ય ભક્તિ કરવાની પ્રેરણા આપે છે:

- ''શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ અતિ પ્રીતિએ કરીને શ્રીમદ્‌ભાગવત ભણ્યા અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિને જ કરે છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬)

ભક્તિના પ્રકાર

હવે આપણે કયા કયા પ્રકારે નિત્ય ભક્તિ કરવાની છે તે જોઈશું.

■ શ્રવણ ભક્તિ

ભગવાનનાં તથા તેમના ઉત્તમ ભક્ત એવા સત્પુરુષનાં લૌકિક-અલૌકિક ચરિત્રો, મહિમા તથા કલ્યાણકારી ગુણોની કથાનું અતિ પ્રેમે કરીને અને શ્રદ્ધાપૂર્વક નિત્ય શ્રવણ કરવું તે શ્રવણ ભક્તિ છે.

નિત્ય કથાશ્રવણનો આગ્રહ રાખતાં ભગવાન સ્વામિનારાયણ પોતાના મિષે સર્વ સાધકોને આ વાત કરે છે:

- ''અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૯)
- ''જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા, કીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત્રિ વીતે છે.''

(વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬)

■ કીર્તન ભક્તિ

કીર્તન ભક્તિ એટલે ભગવાનના નામનો જાપ. ભગવાને આપેલા મંત્રનો જાપ. એટલે કે સહજાનંદ નામાવલિ કે સ્વામિનારાયણ મંત્રનો જાપ; તે ભલે કેવળ મુખથી જ કરીએ કે માળા ફેરવતાં ફેરવતાં કરીએ.

વળી, જેમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું વર્ણન હોય, ભગવાનના શણગારનું વર્ણન હોય, ભગવાનની દિવ્ય શોભાનું વર્ણન હોય કે ભગવાનના અસાધારણ મહિમાનું વર્ણન હોય, અંતરના નાદની પ્રાર્થના કે સ્તુતિ હોય તેવાં ભજન, ધૂન, આરતી કે સ્તોત્રોનું ગાન વાજિંત્ર સાથે કરવું તે પણ કીર્તન ભક્તિ છે.

વળી, ભગવાનનાં ચરિત્રો તથા મહિમાનું પ્રેમથી ગાન કરવું તેને પણ કીર્તન ભક્તિ કહેવાય છે. એટલે કે કથા કરવી એ પણ કીર્તન ભક્તિ છે. ભગવાનના ભક્તના ગુણ ગાવવા તે પણ કીર્તન છે.

ભગવાન તથા તેમના ભક્તના સંબધે યુક્ત જે ગ્રંથો તેનું નિત્ય વાંચન કરવું તથા ભણવા, ભણાવવા તેને પણ કીર્તન કહેવાય છે.

નિત્ય કીર્તન ભક્તિની પ્રેરણા આપણને વચનામૃત આપે છે:

- ''પછી શ્રીજીમહારાજે બે પદ ગવરાવ્યાં જે, 'મારા હરજીશું હેત ન દીસે રે તેને ઘેર શીદ જઈએ,' એક તો એ અને બીજું જે, 'મારા વહાલાજીશું વહાલપ દીસે રે તેનો સંગ કેમ તજીએ.' અને પછી એ બે પદ શીખ્યાની સત્સંગીમાત્રને આજ્ઞા કરીને એમ કહ્યું જે, 'એ બે પદમાં વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી.'' (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧)
- ''જે જે ભગવાનના ભક્ત છે તે તો તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકાં વર્તે છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૦)
- ''જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેનાં બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય

છે. માટે અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૯)

- ''જ્યારે હાથ નવરા હોય ત્યારે હાથમાં માળા રાખીને શ્વાસોચ્છ્વાસે ભગવાનનું નામ લઈને તે માળા ફેરવવી.'' (વચનામૃત લોયા પ્રકરણ ૮)
- ''જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરવું.'' (વચનામૃત લોયા પ્રકરણ ૬)
- ''ભાગવત ધર્મે યુક્ત એવું જે શાસ્ત્ર તેના શ્રવણ-કીર્તનાદિકને વિષે અતિશય રુચિ વર્તે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭)

■ સ્મરણ ભક્તિ

કોઈ પણ પ્રકારે ભગવાનની સાથે મનના સંબધને સ્મરણ ભક્તિ કહે છે. સ્મરણ ભક્તિમાં પાંચ બાબતોનો સમાવેશ કરી શકાય: (૧) અંતરમાં ભગવાનનું નામસ્મરણ; (૨) ભગવાનનાં લીલાચરિત્રોની સ્મૃતિ; (૩) ભગવાનના અસાધારણ ગુણોનું સ્મરણ કરવું; (૪) ભગવાનના સ્વરૂપનું ધ્યાન; અને (૫) ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ.

- ''બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા, કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દષ્ટિ છે અને એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે. અને તે જ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન, વંદનાદિક જે કરવું તે પણ અંતર્દષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે. માટે સત્સંગીમાત્રને તો એવો અખંડ જ્ઞાનયજ્ઞ થાય છે... એવું જાણીને અતિશય આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવું અને સર્વે ઇન્દ્રિયોની વૃત્તિઓને ભગવાનના સ્વરૂપમાં હોમવી અને સદા જ્ઞાનયજ્ઞ કર્યા કરવો... માટે અમારી પણ એ જ આજ્ઞા છે જે, સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો. અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ

જ્ઞાનયજ્ઞનું ફળ છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮)

- ''મન છે તે જગતની વાસનાએ કરીને વસાણું છે. જેમ ફૂલે કરીને તિલ વસાય છે તેમ મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફૂલને વિષે વાસવું. અને ભગવાનના ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો, બીજો શમ્યો ને ત્રીજો કરવો; એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮)
- ''આ તમે સર્વે છો તે મને ભગવાન જાણો છો, તે અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૫)
- ''જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩)
- ''ભગવાનની અખંડ સ્મૃતિએ સહિત ભજન કરવું તે તો ભગવાનના પ્રગટ દર્શનના સુખ તુલ્ય છે.'' (વચનામૃત જેતલપુર પ્રકરણ ૩)
- શ્રીજીમહારાજ બોલ્યા જે, ''પ્રાણાયામવાળાનો કાંઈ મેળ નથી, એ તો જો એવા ધ્યાનનો અભ્યાસ કરે ને તે પરમેશ્વરનો એકાંતિક ભક્ત હોય તો તેને જ ધ્યાન સિદ્ધ થાય છે.'' (વચનામૃત અમદાવાદ પ્રકરણ ૧)
- ''ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે. અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય અને નિત્ય નવીન શ્રદ્ધા રાખે. અને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહીં, તો ભગવાનનો મોટો મહિમા સમજીને

પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે. તે ધારતાં ધારતાં દસ વર્ષ થાય અથવા વીસ વર્ષ થાય અથવા પચીસ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૫)

- ''ધ્યાન કરતાં મૂર્તિ હૃદાને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું; પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહીં. એવી રીતના જે આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫)
- ''ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી; કાં જે, ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે; તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧)
- ''તેમ ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩)
- ''માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ

રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે; અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૨)

- ''એવા એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં આપણા સત્સંગમાં કેટલાક છે. અને જે ભગવાનનો ભક્ત હોય તેને ખાતાં, પીતાં, ના'તાં, ધોતાં, ચાલતાં, બેઠતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧)

પાદસેવનમ્ અર્થાત્ સેવારૂપ ભક્તિ

નવધા ભક્તિમાં 'પાદસેવનમ્'નો નિર્દેશ છે. પાદસેવનમ્ એટલે ભગવાનનાં ચરણોની સેવા. કેવળ ચરણોની સેવા નહીં પણ સાક્ષાત્ ભગવાનની સર્વ પ્રકારની સેવા. સાથે સાથે તેમનો અખંડ અને સમ્યક્પણે જેમાં નિવાસ છે એવા ગુણાતીત સત્પુરુષની સેવા. એટલું જ નહીં, પરંતુ સમગ્ર સત્સંગ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત સત્પુરુષનું શરીર છે. માટે સંતો-ભક્તો, મંદિરો, સત્સંગપ્રવૃત્તિ કે સંસ્થાની કોઈ પણ પ્રવૃત્તિ એ અક્ષર અને પુરુષોત્તમની જ સેવા છે. વળી, ભગવાન અને સંત જેમાં અંતર્યામીપણે રહ્યા છે એવા જીવ-પ્રાણીમાત્રની યથાશક્તિ સેવા.

- ''જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહીં, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫)

પરબ્રહ્મ સ્વામિનારાયણ પણ નિત્ય સેવાની પ્રેરણા આપતાં કહે છે:

- ''અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે, અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮)

એક જન્મમાં નહીં, જન્મોજન્મ નિત્ય સેવા કરવાની વાત કરે છે.

■ અર્ચન ભક્તિ

પ્રત્યક્ષ ભગવાન, ભગવાનની અષ્ટ પ્રકારની મૂર્તિ કે ભગવાન જેના દ્વારા પ્રગટ છે એવા અક્ષરબ્રહ્મ સત્પુરુષની પ્રત્યક્ષ પૂજા કે માનસી પૂજા કરવી એ અર્ચન ભક્તિ છે.

પ્રત્યક્ષ પૂજા કે માનસી પૂજાનું સરખું ફળ જણાવતાં વચનામૃત કહે છે:

- ''જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત-ગાત્ર થઈને તથા ગદ્‌ગદકંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જ ભગવાનની માનસી પૂજા કરે છે, તો એ બેય શ્રેષ્ઠ છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૩)

પ્રત્યક્ષ પૂજા એટલે શું?

પ્રત્યક્ષ ભગવાન અથવા પ્રત્યક્ષ સંતની અથવા તેમની ગેરહાજરીમાં અષ્ટ પ્રકારની મૂર્તિની પ્રત્યક્ષ પૂજાદ્રવ્યો ચંદન, પુષ્પ, નૈવેદ્ય, આરતી વગેરેથી પૂજા કરવી તે પ્રત્યક્ષ પૂજા છે. આપણા ઘરમંદિરમાં થતી પૂજા એ પ્રત્યક્ષ પૂજા છે. શિખરબદ્ધ મંદિરોમાં કે હરિમંદિરોમાં થતી પૂજા એ પણ પ્રત્યક્ષ પૂજા છે. બધા સંતો-ભક્તોની નિત્યપૂજા એ પણ પ્રત્યક્ષ પૂજા છે.

ભગવાન અને સંત આપણી સામે બિરાજમાન હોય ત્યારે જેવો ભાવ હોય છે, તેવો ને તેવો જ પ્રત્યક્ષપણાનો ભાવ અષ્ટ પ્રકારની મૂર્તિમાં પણ રાખવો. એ વાત દૃઢાવતાં વચનામૃત જણાવે છે:

- ''પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે; તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૮)

પ્રત્યક્ષ પૂજાની નિત્યતા દૃઢાવતાં વચનામૃત જણાવે છે:

- ''જે ભગવાનનો ભક્ત હોય તેને નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરીને સ્તુતિ કરીને ભગવાન પાસે એમ માંગવું...'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૮)
- ''આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ

હોય તે કરવા...'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૦)

ભગવાન સ્વામિનારાયણ પણ નિત્યપૂજા કરતા તે વચનામૃતમાં આલેખાયું છે:

- ''શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા. પછી સ્નાન કરીને ને શ્વેત વસ્ત્રનું ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા અને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્યકર્મ તેને કરીને...'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૦)

આપણને નિત્ય અર્ચન ભક્તિની પ્રેરણા આપવા વચનામૃતના આટલા શબ્દો પૂરતા છે.

માનસી પૂજા એટલે શું?

પરબ્રહ્મ સ્વામિનારાયણ અને તેમના ધારક સત્પુરુષ કે તેમની મૂર્તિઓની મનમાં માનસિક દ્રવ્યો વડે કરવામાં આવતી પૂજા એટલે માનસી પૂજા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ સમયની માનસી પૂજા કરવામાં આવે છે. પ્રાતઃ માનસી, રાજભોગ માનસી, ઉત્થાન માનસી, સંધ્યા માનસી, શયન માનસી.

નિત્ય માનસી પૂજા કરવાની પ્રેરણા આપણને વચનામૃત આપે છે. સાથે સાથે કઈ રીતે માનસી પૂજા કરવી જોઈએ તેનું પણ સુપેરે વર્ણન વચનામૃત કરે છે. જેમ કે,

- પછી શ્રીજીમહારાજ કૃપા કરીને સર્વ હરિજન પ્રત્યે બોલ્યા જે, ''જે ભગવાનનો ભક્ત હોય તે નિત્યે ભગવાનની માનસી પૂજા કરે. તે માનસી પૂજા કરવાની એમ વિક્તિ છે જે, ઉનાળો, શિયાળો કે ચોમાસું એ ત્રણ ઋતુને વિષે નોખી નોખી માનસી પૂજા કરવી. તેમાં ઉનાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે, સારું, ટાઢું, સુગંધીમાન, પવિત્ર જળ હોય તેણે કરીને ભગવાનને પ્રથમ નવરાવવા. તે પછી ધોયેલો, ધોળો ખેસ સુંદર ઝીણો ને ઘાટો હોય તે પહેરવા આપવો. ને પછી સુંદર આસન ઉપર વિરાજમાન એવા જે ભગવાન તેના અંગ-અંગ વિષે સુંદર મળિયાગર ચંદન ઘસીને

વાટ્યકામાં ઉતારી રાખ્યું હોય તે ચર્ચવું. તે પ્રથમ તો લલાટને વિષે ચર્ચીને લલાટને સારી પેઠે નીરખવું; તથા હાથને વિષે ચર્ચીને હાથને સારી પેઠે નીરખવા; તથા હૃદય, ઉદર, સાથળ, પિંડી એ આદિક જે અંગ તેને વિષે તે ચંદનનું લેપન કરી કરીને તે તે અંગને નીરખવાં; તથા ચરણારવિંદની ઉપર ને તળે સુંદર કુંકુમ ચોપડવું ને તે ચરણારવિંદને નીરખવાં. પછી મોગરા, ચમેલી, ગુલાબ, ચંપો એ આદિક જે સુગંધીમાન પુષ્પ તેના હાર તથા કંકણ, બાજુબંધ, ટોપી એ આદિક જે આભૂષણ તે તે પુષ્પનાં પહેરાવવાં. અને મોગરાના પુષ્પ જેવું ધોળું ને ઝીણું ને બહુ ભારે નહીં એવું વસ્ત્ર મસ્તકને વિષે ધરાવવું તથા ધોળી, ઝીણી ને હલકી એવી જે સુંદર પછેડી તે ઓઢાડવી. પછી તે ભગવાનને મળવું, તે એક વાર મળવું, બે વાર મળવું, જેવું પોતાને હેત ઊપજે તેમ મળવું; તથા ભગવાનનાં ચરણારવિંદ પોતાની છાતીમાં લેવાં તથા મસ્તક ઉપર ધારવાં. અને તે મળવે કરીને જે ભગવાનના અંગનું ચંદન પોતાના અંગમાં વળગે તથા ભગવાનનાં ચરણારવિંદને પોતાની છાતીમાં અને મસ્તક ઉપર ધાર્યાં હોય તેણે કરીને જે કુંકુમ વળગે તથા પુષ્પના હારનાં ચિહ્‌ન ઈત્યાદિ જે જે પોતાના અંગમાં વળગે તેને ધારવું, કહેતાં એમ જાણવું જે, 'ભગવાનનું પ્રસાદી ચંદન, કુંકુમ ને હાર તે મારા અંગમાં અડ્યાં છે.'

અને શિયાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે, પ્રથમ તો ભગવાનને ઊને જળે કરીને નવરાવવા ને પછી ધોળો ખેસ પહેરવા આપવો ને પછી ઢોલિયા ઉપર મખમલનું ગાદલું પાથરીને તે ઉપર ધોળો ઓછાડ ઓછાડીને તે ઉપર ભગવાનને વિરાજમાન કરવા ને પછી સુરવાળ પહેરાવવો તથા ડગલી પહેરાવવી તથા સોનેરી તારવાળો ભારે કસુંબી રેંટો મસ્તકે બંધાવવો તથા કેડ્યે ભારે રેંટો બંધાવવો તથા ખભે ભારે રેંટો ધરાવવો તથા હીરા, મોતી, સુવર્ણ, લાલનાં જે ભાતભાતનાં ઘરેણાં તે અંગ-અંગને વિષે ધરાવવાં તથા મોતીની માળા પહેરાવવી. અને વસ્ત્ર પહેરાવીને તથા આભૂષણ પહેરાવીને ભગવાનનાં જે તે તે અંગ તેને સારી પેઠે

નીરખવાં અને ભગવાનના લલાટને વિષે એક કુંકુમનો ચાંદલો કરવો.

અને ચોમાસાના ચાર મહિના સુધી એમ પૂજા કરવી જે, જાણીએ, ભગવાન કોઈક ગામથી આવ્યા તે ધોળાં વસ્ત્ર સર્વે પલળી ગયાં છે અથવા નદીએ પરમહંસે સહિત ના'વા પધાર્યા હતા ત્યાંથી પલળીને આવ્યા છે. પછી તે પલળેલાં જે વસ્ત્ર તેને ઉતરાવીને સર્વ કસુંબલ વસ્ત્ર પહેરવા આપવાં અને લલાટને વિષે પીળું જે કેસર-ચંદન તેનું લેપન કરવું. અને ઉનાળો હોય ત્યારે ચોગાન-જાયગામાં તથા ફૂલવાડીમાં ભગવાન વિરાજમાન છે એવી રીતે ભગવાનને ધારવા. અને શિયાળો ને ચોમાસું હોય ત્યારે કોઈક સારી મેડીને ઉપર ભગવાન વિરાજમાન છે અથવા ઘરને માંહેલી કોરે વિરાજમાન છે એવી રીતે ભગવાનને ધારવા. અને ભગવાનને જમવા કઈ વસ્તુ આપવી? તો જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય પોતાના મનમાં ખાવાને ગમતાં હોય તેવાં ભગવાનને અર્થે ચિંતવવાં અને તેવાં ભગવાનને ન ભાવતાં હોય તો પણ પોતાને ગમતાં જ ભોજન ભગવાનને અર્થે ચિંતવવાં. અને બીજા જે ધૂપ, દીપ, આરતી એ આદિક ઉપચાર તે યથાયોગ્ય ભગવાનને અર્પણ કરવા. એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે. માટે જેણે આ વાત સાંભળી છે તે રાખજ્યો ને નિત્યે આવી રીતે ભગવાનની માનસી પૂજા કરજ્યો. ને આવી વાત અમે કોઈ દિવસ કરી નથી.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૩)

■ વંદન ભક્તિ

ઉપાસ્યમૂર્તિ ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિનાં શ્રીચરણોમાં શ્રદ્ધા અને ભક્તિ સહિત પ્રણામ કરવા તે વંદન ભક્તિ છે. બે હાથ જોડીને પ્રણામ કરી શકાય અથવા દંડવત્ પ્રણામ પણ કરી શકાય. દંડવત્ પ્રણામનું બીજું નામ સાષ્ટાંગ દંડવત છે.

સાષ્ટાંગ એટલે પગ, હાથ, ઢીંચણ, મસ્તક, છાતી, દૃષ્ટિ, મન અને

વચન સહિત આઠ અંગો ભૂમિને અડે તેમ વંદન કરવું. દંડવત એટલે લાકડાનો દંડ જેમ પૃથ્વી પર પડે તેવી રીતે પૃથ્વીનો સ્પર્શ કરીને પ્રણામ કરવાં. પુરુષોએ સાષ્ટાંગ પ્રણામ કરવાં. મહિલા ભક્તોએ હાથ, મસ્તક, મન, વચન, દૃષ્ટિ એ પાંચ અંગ સહિત પંચાંગ પ્રણામ કરવાં. વંદન ભક્તિ કરતાં કરતાં ગુરુ ને ઈષ્ટદેવ પ્રસન્ન થાય તે ભાવના રાખવી. તેમના આપણા ઉપરના ઉપકારનો વિચાર કરવો. તેમની પ્રાપ્તિનો વિચાર કરવો. તેઓ આપણી રક્ષા કરે – આ અનુસંધાન સાથે વંદન કરવાથી વિશેષ આનંદ અને અહોભાવ થાય છે.

નિત્ય વંદન ભક્તિની પ્રેરણા વચનામૃત આપે છે:

- "...આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૦)

સાથે સાથે બે હાથ જોડી ગદ્ગદ કંઠે પરબ્રહ્મ સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિને પ્રાર્થના કરવી એ પણ વંદન ભક્તિ છે.

- "ભગવાનની પ્રાર્થના કરવી જે, 'હે મહારાજ! હે સ્વામિન્! હે ભક્તવત્સલ! હે દયાનિધે! આ ઈન્દ્રિયો-અંતઃકરણનો વાંક છે ને હું તો એથી નોખો છું ને એ તો મારા શત્રુ છે, માટે એ થકી મારી રક્ષા કરજ્યો.' એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી." (વચનામૃત પંચાળા પ્રકરણ ૩)

■ દાસ્ય ભક્તિ

પરબ્રહ્મ સ્વામિનારાયણની અને અક્ષરબ્રહ્મ સત્પુરુષની દાસભાવે, વિનમ્રભાવે, નિર્માનીપણે સર્વપ્રકારની ભક્તિ કરવી એટલે દાસ્ય ભક્તિ. પોતાનાં સર્વકર્મ ભગવાનને અર્પણ કરવાં, સંપૂર્ણ શરણાગતિથી ભક્તિ કરવી, માનમાત્રને તજીને ભગવાનના દાસ થઈને રહેવું, ગમે તેટલો મહાન પુરુષ

હોય પણ નીચામાં નીચી સેવા કરે, બીજા ભક્તને પોતાથી અધિક માને વગેરે દાસ્ય ભક્તિનાં લક્ષણ છે.

નિત્ય દાસ્ય ભક્તિ કરવાની વાત કરતાં વચનામૃત કહે છે:

- પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય, અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે; તેમ જ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તો પણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે. અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય, તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવાં ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈદાવો બાંધે નહીં ને બરોબરિયાપણું કરે નહીં. એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫)
- 'પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તો પણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહીં, સ્વામી-સેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે." (વચનામૃત લોયા પ્રકરણ ૧)
- "સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને તે સંતનો સમાગમ મૂકી શકે નહીં; જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહીં; તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંતસમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦)
- "પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, 'એ સર્વ ભક્ત મોટા

છે ને હું તો સર્વથી ન્યૂન છું,' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮)

■ સખ્ય ભક્તિ

ભગવાન ને સત્પુરુષનો મિત્ર જેવો વિશ્વાસ એટલે સખ્ય ભક્તિ. ગમે તેવું દુઃખ આવે તોય દૃઢ વિશ્વાસ. મિત્રભાવે પ્રેમ કરવો. મિત્ર પાસે નિષ્કપટ વર્તે તેમ વર્તવું. મિત્રનો અવગુણ ન આવે તેમ ભગવાનનો ને સત્પુરુષનો અવગુણ ન આવે. 'કેવા અલૌકિક મિત્ર આપણને મળ્યા છે!' એમ તેમની પ્રાપ્તિનો વિચાર કરવો તે પણ સખ્ય ભક્તિ છે.

વિશ્વાસરૂપ સખ્ય ભક્તિ

- "અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું અને કોઈ ઊગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું." (વચનામૃત જેતલપુર પ્રકરણ ૫)
- "ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી, એ જ કલ્યાણનો ઉપાય છે." (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૦)
- "ભગવાન ને ભગવાનના સંતના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૪)

નિષ્કપટપણે વર્તવારૂપ સખ્ય ભક્તિ

- "પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય, તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું; અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો; તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો; ત્યારે તે નિષ્કપટ કહેવાય." (વચનામૃત

લોયા પ્રકરણ ૫)

મિત્રભાવની ભક્તિ

- "ભગવાનના ભક્ત તેમને વિષે મિત્રભાવ રાખવો." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪)
- "જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે અતિશય મિત્રભાવ વર્તતો હોય; અને જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના ભક્ત થકી ઉદાસ થાય નહીં; અને જે ભગવાન ને ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે... તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૮)

પ્રાપ્તિનો વિચાર કરવારૂપ સખ્ય ભક્તિ

- "પોતાને વિષે અપૂર્ણપણું માનવું નહીં, ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને ને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો." (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮)
- "ભગવાનનો મહિમા એમ વિચારવો જે, 'અજામેળ મહાપાપી હતો ને દીકરાને યોગે નારાયણ એવું નામ લીધું, તે સર્વ પાપથી છૂટીને પરમ પદને પામ્યો; તો મને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે અને રાત-દિવસ તે ભગવાનનું હું નામ લઉં છું, માટે હું તો કૃતાર્થ થયો છું.' એવી રીતે વિચારીને આનંદમાં રહેવું... પોતપોતાના ધર્મમાં રહેવું ને પોતાને પૂરણકામ માનવું." (વચનામૃત સારંગપુર પ્રકરણ ૯)
- લક્ષ્મણાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાન ને ભગવાનના સંતનો જે સમાગમ તે આશ્ચર્ય સરખો કેમ સમજીએ ત્યારે જણાય? અને આઠે પહોર 'અહો અહો' સરખું કેમ રહે?" પછી શ્રીજી-મહારાજ બોલ્યા જે, "જે ભક્ત એમ સમજે જે, 'આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે

પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮)

- ''હું ધન્ય છું ને હું કૃતાર્થ થયો છું અને આ સંસારમાં જે જીવ છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા તેને વિષે હેરાન થતા ફરે છે અને ત્રિવિધ તાપમાં રાત-દિવસ બળે છે. અને મને તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામ-ક્રોધાદિ સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ-સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે.' એવો વિચાર નથી કરતો ને આઠોપહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે. જેમ 'બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે તેનો તેને આનંદ નથી;' તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો અંતરમાં આઠોપહોર કેફ રહેતો નથી જે, 'મારું પૂર્ણકામપણું થયું છે' એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪)

■ આત્મનિવેદનરૂપ ભક્તિ

અહંકાર રહિત પોતાનાં તન, મન, ધન અને પરિવારજન સહિત સર્વસ્વ શ્રદ્ધા ને પ્રેમપૂર્વક ભગવાનને અર્પણ કરવું એ આત્મનિવેદન ભક્તિ છે.

આવી આત્મનિવેદનરૂપ ભક્તિ નિત્ય કરવાનું વચનામૃત કહે છે :

- ''મોટેરાની તો એમ પરીક્ષા છે જે, ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા,' તો તે તત્કાળ પરમહંસ થાય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૧)
- ''જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં અને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨)

■ આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ

ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ સત્પુરુષની આજ્ઞા પાળવી એ પણ એક પ્રકારની ભક્તિ છે. કેવળ અને કેવળ તેમને પ્રસન્ન કરવા, રાજી કરવાના જ ભાવથી, કોઈ અન્ય ફળની પણ અપેક્ષા રહિત કોઈ પણ પ્રકારની સાધના કરવારૂપ આજ્ઞા પાળવી એ વિશેષ ભક્તિ છે.

આજ્ઞાનું નિત્ય પાલન કરવાનું વચનામૃત ઉપદેશે છે:

- ''પોતાના ઈષ્ટદેવની સેવા સારુ ને રાજીપા સારુ રાત-દિવસ એમ ઇચ્છ્યા કરે જે, 'મને મારા ઈષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને કરું.' પછી પોતાના ઈષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તો પણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહીં.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨)
- ''સત્સંગી હોય તેને ભગવાનની આજ્ઞામાં ફેર પાડવો જ નહીં. કેમ જે, એ ભગવાનની આજ્ઞા પાળે તો તેની ઉપર ભગવાન રાજી થાય છે.'' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫)
- ''જો પોતાના પ્રિયતમને પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહ્યે રાજી જાણે તો છેટે રહે પણ કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહીં એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહીં અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું, પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહીં. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.'' (વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૧)

■ પરબ્રહ્મ ને સત્પુરુષને રાજી કરવારૂપ ભક્તિ

- ''જે પ્રૌઢા હોય તે તો કેવળ ભગવાનના ગમતા પ્રમાણે જ ચાલે અને કોઈ રીતે પોતાના સ્વાર્થને અર્થે યુક્તિ કરે નહીં અને કેવળ ભગવાનને રાજી કરવાને ઇચ્છે અને જે રીતે ભગવાન રાજી થાય તે

રીતે જ પોતે રાજી રહે... અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તેવું આચરણ તો મન, કર્મ, વચને કરીને કોઈ કાળે કરે નહીં.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૫)

- ''સંતની મરજીથી બાહેર વર્ત્યામાં તેના મનને વિષે નિરંતર ભય વર્તે જે, 'જો હું એમની મરજી પ્રમાણે નહીં વર્તું તો એ મારી સાથે હેત નહીં રાખે;' તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે. માટે જો એવું સંત સાથે હેત થયું હોય તો વૈરાગ્ય ન હોય તો પણ એનો ત્યાગ પાર પડે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૯)
- ''સાધુ હોય તે તો કામ, ક્રોધ, લોભાદિક શત્રુનું બળ હોય તો પણ ભગવાનને રાજી કર્યા સારુ તેનો ત્યાગ કરે ત્યારે જ એ પાકો સાધુ કહેવાય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩)

■ મનુષ્યભાવ ન સમજવો ને દિવ્યભાવ સમજવારૂપ ભક્તિ

પરબ્રહ્મ સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ સત્પુરુષ સ્વરૂપતઃ સર્વત્ર સદૈવ દિવ્ય છે. તેઓની સર્વ ક્રિયા દિવ્ય છે. વળી, આ લોકમાં મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે પણ તેઓ સદા દિવ્ય છે. તેમની માનુષી સઘળી ક્રિયાઓ પણ દિવ્ય છે. માયામાં રહેવા છતાં માયિકભાવ તેમને અડતો નથી. તેઓ માયાથી નિર્લેપ છે. અરે, વચનામૃત (વરતાલ પ્રકરણ ૭) પ્રમાણે માયાને પણ બ્રહ્મરૂપ કરી મૂકે એવા પરબ્રહ્મ ને અક્ષરબ્રહ્મ છે, તો તેમને ક્યાંથી માયાનો પાસ લાગે.

માટે પરબ્રહ્મ ને અક્ષરબ્રહ્મમાં મનુષ્યભાવ ન સમજવો ને દિવ્યભાવ સમજવો એ જ ભક્તિ છે, તે નિરૂપતાં વચનામૃત કહે છે:

- ''દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો... માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યનાં જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને

પરમેશ્વરની ભક્તિ કહેવાય; અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય... એવી જે ભક્તિ તે તો મહાદુર્લભ છે... અને એવી ભક્તિ છે તે જ પરમ પદ છે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦)

બ્રહ્મ-પરબ્રહ્મમાં મનુષ્યભાવ ન લેવારૂપ નિત્ય ભક્તિ કરવાનું વચનામૃત જણાવે છે:

- ''ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે ને ભગવાનને વિષે તો એ મનુષ્યભાવનો લેશ નથી... માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો. કાં જે, દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય અને તે જ્યારે દેહ મૂકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા-લૂલા જ રહે છે? નથી રહેતા. એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે, તેને મૂકીને દિવ્યરૂપ થાય છે, બ્રહ્મરૂપ થાય છે. માટે હરિના ભક્તને વિષે મનુષ્યભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય? અને આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે અને આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પાડ્યા વિના છૂટકો નથી. માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી અને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાત કરીને ચેતાવી દેવો. અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એક વાર કરવી એમ અમારી આજ્ઞા છે; તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.''' (વચનામૃત લોયા પ્રકરણ ૧૮)

વળી, બ્રહ્મ અને પરબ્રહ્મના સંબધમાં આવનાર દરેક ભક્ત તેમના સંબધે કરીને માયામાં હોવા છતાં પણ દિવ્ય છે એમ સમજવું તે પણ ભક્તિ છે. એવા ભક્તોના ગુણ ગાવા, પક્ષ રાખવો, અવગુણ ન લેવો, દ્રોહ ન કરવો એ પણ ભક્તિ છે. આવી ભક્તિ પણ નિત્ય કરવાની પ્રેરણા વચનામૃત આપે છે:

- ''જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા

છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

- ''અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)
- ''ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩)

ભક્તોને દિવ્ય સમજી તેના ગુણ ગાવા ને પક્ષ રાખવો...

- ''ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં ને એમનો અભાવ આવવા દેવો નહીં.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૭)

સાવધાની-જાણપણું-અંતર્દૃષ્ટિ

સાધના કરવામાં નિત્ય સાવધાની-જાણપણું-અંતર્દૃષ્ટિ રાખવી ખૂબ અગત્યની છે, તે વચનામૃત ખૂબ સરળ ભાષામાં સમજાવે છે:

- શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિષે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે. જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે, 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહીં.' એવી રીતે હિંમત સહિત ઢાલ, તરવાર બાંધીને ઊભા રહે છે. તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન-સ્ત્રીઆદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાંખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ-વૃદ્ધિ, સુખ-દુ:ખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી... આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી.' એવી રીતે શ્રીજીમહારાજે મોટા મોટા જે સંત તેની સ્થિતિ કહી દેખાડી ને પછી

એમ બોલ્યા જે, 'તમારે સર્વેને પણ એવી રીતે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજાં પદાર્થ વહાલાં થવા દેવાં નહીં; એ વાતની અતિશય સાવધાની રાખવી.'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૯)

- ''જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે; તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે; પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહીં તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.'' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮)

નિત્ય સાધના તરફ એક ડગલું

સાધના કરવામાં ઘણી વખત કેવળ વિચાર એટલે કે જ્ઞાન પ્રધાન થઈ જાય છે ને એ જ્ઞાન દૈહિક વર્તનમાં નથી હોતું. જે જ્ઞાન આચરણમાં જ ન હોય તે શા કામનું! 'મન ચંગા તો કથરોટ મેં ગંગા...' એવું વાચ્યાર્થ જ્ઞાન હોય. કેવળ જ્ઞાન પણ આચરણ નહીં. એ તો ખાલી બુદ્ધિની કસરત કહેવાય. એમાંથી કાંઈ ન પ્રાપ્ત થાય. પાણી વલોવી માખણ કાઢવા જેવી વાત છે. શેખચલ્લીના વિચારો છે.

સાધના કરવામાં ઘણી જગ્યાએ કેવળ ક્રિયા એટલે કે આચરણ ઉપર જ વિશેષ ભાર હોય પણ જ્ઞાનનું ઊંડાણ ન હોય. એવી ક્રિયા એટલે ઘાણીએ જોડેલો બળદ. તેને તો આંટા મારવાની જ ખબર છે. આંટા મારવા પાછળનો ઉદ્દેશ્ય શું છે? શું ફળ મળશે? કોણ રાજી થશે? કેટલું તેલ નીકળશે? શેનું તેલ નીકળશે? એવા કોઈ વિચાર બળદના મનમાં નથી. બસ, આંટા જ મારવાના છે. એવા સાધકો માટે પ્રદક્ષિણા એટલે ઘાણીના બળદની જેમ ગોળગોળ આંટા. દંડવત્ એટલે કસરત. માળા એટલે મોટરનો પટ્ટો. વિચાર વગરનું બ્રહ્મચર્ય એટલે બળદવ્રત. વિચાર વગરનું તપ એટલે ઢોરલાંઘણ. વિચાર વગરનો ભીડો એટલે ગધેડાનો ભાર. વિચારના ઊંડાણ વગરની કેવળ યંત્રવત્ ક્રિયા નકામી છે.

વિચાર વગરની ક્રિયા નકામી ને ક્રિયા વગરનો કેવળ વિચાર નકામો. જ્ઞાન અને આચરણના મિશ્રણ વગરની નિત્ય સાધના વચનામૃતને માન્ય જ નથી. જેમ કમ્પ્યૂટરમાં સોફ્ટવેર અને હાર્ડવેર – બંનેની આવશ્યકતા છે. એકબીજા વગર ન ચાલે. સોફ્ટવેર એ વૈચારિક સાધના છે. હાર્ડવેર એટલે ક્રિયાત્મક સાધના છે.

નિત્ય સાધનામાં ક્રિયા અને વિચારનો વિનિયોગ આપણને વચનામૃત આ પ્રમાણે શીખવે છે:

- "એમ મનના ને શરીરના દોષ જાણીને શરીરના દોષને શરીરને દમવે કરીને ટાળવા અને શરીર ક્ષીણ થયા પછી જે મનના દોષ રહ્યા તેને વિચારે કરીને ટાળવા જે, 'હું આત્મા છું ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું.' એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે. અને જેને એકલું દમન છે ને વિચાર નથી તો તે ઠીક નહીં તથા જેને એકલો વિચાર છે ને દમન નથી તે પણ ઠીક નહીં; માટે એ બે જેને હોય તે શ્રેષ્ઠ છે. અને શરીરનું દમન ને વિચાર એ બે વાનાં તો ગૃહસ્થ સત્સંગીને પણ રાખ્યાં જોઈએ, ત્યારે ત્યાગીને તો જરૂર રાખ્યાં જ જોઈએ."
  (વચનામૃત કારિયાણી પ્રકરણ ૩)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં વારંવાર નિત્યતા અને નિરંતરતા પર ભાર મૂકે છે. ચાહે તે આત્મવિચાર હોય, ભગવાન કે સંતના મહિમાનો વિચાર હોય, સાંખ્યવિચાર હોય, પોતાના અવગુણ તરફ દૃષ્ટિ કરવાનો વિચાર હોય, નવધા ભક્તિ કરવાની હોય, પોતાના આધ્યાત્મિક ઉત્કર્ષનું નામું માંડવાનો વિષય હોય કે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાનો વિષય હોય.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનને વર્ષો સુધી નિરખનારા સૌએ તેમનામાં આવી નિરંતરતાનું દર્શન કર્યું છે. શ્રીહરિ પ્રત્યેની પરાભક્તિમાં કે શ્રીહરિની આજ્ઞાના પાલનમાં એમની એવી નિરંતરતા લાખો લોકોને પ્રેરણા આપતી રહી હતી.

આજે એવી જ પ્રેરણા મહંત સ્વામી મહારાજના દિવ્ય જીવનમાંથી મળી રહી છે. આપણે પણ તેમનામાંથી પ્રેરણા મેળવીને શ્રીહરિને અપેક્ષિત નિરંતરતા આપણી નિત્ય સાધનામાં સાધી લઈએ.

સત્સંગીનો નિત્યક્રમ સાધનારૂપે


સ્વામિનારાયણીય સાધના રોજિંદા જીવન સાથે વણાયેલી છે. અહીંયાં સાધના એ કેવળ મંદિર કે દેવસ્થાનમાં બેસીને કરવાની વસ્તુ નથી, પરંતુ જીવનશૈલી છે. જીવન સાથે વસ્ત્રના તાણાવાણાની જેમ ગૂંથાયેલી છે. સાધના અને જીવનને જુદું ન પાડી શકાય. પરબ્રહ્મ સ્વામિનારાયણે સાધનાને જીવન-શૈલી બનાવી દીધી છે. જે આદર્શ સત્સંગીના નિત્યક્રમમાં પ્રદર્શિત થાય છે. આદર્શ સત્સંગીનો દૈનિકક્રમ સાધનામય જ હોય છે, જેમાં સર્વ સાધના આવી જાય – ક્રિયાત્મક અને વિચારાત્મક.

સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીની સવાર, બપોર ને સાંજ કાંઈક જુદી જ ભાત ઉપજાવે છે. જે એને અન્ય મનુષ્યોથી જુદો પાડે છે. સત્સંગીની સર્વ ક્રિયા, સઘળા વિચારો ભગવન્મય સાધના હોય છે. જેમ કે,

- બ્રાહ્મમુહૂર્તે સૂર્યોદય પહેલાં જાગવું.
- પથારીમાં બેસી શ્રીજીમહારાજ-સ્વામીનું સ્મરણ કરવું. જિંદગીમાં નવા દિવસની ભેટ બદલ આભાર વ્યક્ત કરવો. 'કેવા ગુરુ અને ભગવાનની પ્રાપ્તિ થઈ છે' એનો વિચાર સવારમાં કરી શકાય. 'તેમનું સ્વરૂપ, ગુણ અને કાર્યો અદ્વિતીય છે. એમની પ્રાપ્તિ સહજ આપણને થઈ છે' એ વિચાર કરી શકાય.
- દંતશુદ્ધિ, શૌચ, સ્નાન બાદ ધોયેલાં સ્વચ્છ વસ્ત્ર-પરિધાન કરવાં. આ પ્રાત:ક્રિયા દરમ્યાન 'હું દેહથી જુદો એવો આત્મા છું' તેવો વિચાર કરી શકાય. 'આત્મા અવિનાશી, અમર, અજર, સુખરૂપ છે, જ્યારે દેહ દુ:ખરૂપ, નાશવંત છે. આત્માને વિષે અક્ષરપુરુષોત્તમ મહારાજ કાયમ બિરાજમાન છે.' આ પ્રકારે આત્મવિચાર કરી શકાય.

- પૂર્વ કે ઉત્તર મુખે વ્યક્તિગત નિત્ય પૂજા કરવી.
- નિત્યપૂજાનાં અંગો – તિલક-ચાંદલો - માનસી - માળા - પ્રદક્ષિણા - દંડવત્ - શિક્ષાપત્રી વાંચન - પૂજા દરમ્યાન પરમાત્માનો વિચાર કરાય. પરબ્રહ્મ સ્વામિનારાયણ સર્વોપરિ, કર્તાહર્તા, સાકાર અને ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પ્રગટ છે,' એવો પરમાત્મ-વિચાર કરી શકાય.
- માતા-પિતાને પંચાંગ પ્રણામ સહિત જય સ્વામિનારાયણ કરવા. વડીલોને નમસ્કારપૂર્વક જય સ્વામિનારાયણ કરવા. ઘરના અન્ય સભ્યોને ફક્ત જય સ્વામિનારાયણ કરવા.
- ઘરમંદિરમાં પ્રાતઃ આરતી-અષ્ટક કરવાં. શક્ય હોય તો ઘરના સર્વે સભ્યોએ આરતી વખતે ઉપસ્થિત રહેવું.
- ઘરમંદિરમાં થાળ.
- નાસ્તા દરમ્યાન 'શ્રીમદ્ સદ્‌ગુણ શાલિનં...' તથા 'ૐ સહનાવવતુ...' શ્લોક બોલીને ભગવાન અને સંતની સ્મૃતિએ સહિત નાસ્તો કરવો. શક્ય હોય તો પરિવારના બધા સભ્યોએ સાથે નાસ્તો કરવો.
- શિખરબદ્ધ કે હરિમંદિર દર્શન કરવાં તેમજ કથાશ્રવણ કરવું.
- વ્યાવહારિક કાર્યો જેવાં કે નોકરી, ધંધો, અભ્યાસ, ખેતી, ઘરકામ વગેરે ભજન-સ્મરણ કરતાં કરતાં પ્રામાણિકતાથી અને નિષ્ઠાથી કરવાં.
- બપોરનો થાળ ઘરમંદિરમાં ધરાવતાં ધરાવતાં રાજભોગ માનસી કરવી. ત્યારબાદ ઠાકોરજીને જળ ધરાવી પોઢાડી દેવા.
- બપોરના ભોજનની શરૂઆત પૂર્વોક્ત બે શ્લોક બોલી કરવી. શક્ય હોય તો પરિવારના બધા સભ્યોએ સાથે ભોજન લેવું. આ દરમ્યાન રાજીપાનો વિચાર કરી શકાય. 'મારે કોઈ પણ ભોગે, ગમે તે સંજોગે, શ્રીજીમહારાજ ને સ્વામીને રાજી કરવા છે. તેમને ગમે એવા થવું છે. તે ક્યારે થાય? તો તેમની દરેક આજ્ઞા પળાય તો. કઈ આજ્ઞા પળાય છે ને કઈ નથી પળાતી,' તે વિચાર કરવો.
- બપોરે ૪ વાગ્યે શ્રીજીમહારાજ ને સ્વામીની ઉત્થાન માનસી કરવી. ઘરમંદિરમાં ઠાકોરજીને જગાડી જળ ને ફળનો પ્રસાદ ધરાવવો.
- નોકરી-ધંધો વ્યવહારનું કામ.
- સંધ્યા આરતી-અષ્ટક.

- ઘરમંદિરમાં સંધ્યા થાળ.
- સંધ્યા માનસી - શ્રીજીમહારાજ ને સ્વામીને માનસીમાં જમાડવા.
- ઘરમંદિરના ઠાકોરજીને જળ ધરાવી પોઢાડવા.
- સાંજનું ભોજન ઉપરોક્ત બે શ્લોક બોલી કરવું. શક્ય હોય તો પરિવાર સાથે ભોજન કરવું. સાથે સંબધના મહિમાનો વિચાર કરી શકાય - પરિવાર સાથે ગોષ્ઠીના રૂપમાં પણ કરી શકાય - 'શ્રીજીમહારાજ-સ્વામીના યોગમાં આવેલા સર્વે સંતો-ભક્તો દિવ્ય છે. ગુણિયલ છે. તે વિચાર કરવો.'
- ઘરસભા.
- ચેષ્ટા - શક્ય હોય તો નિત્ય ચેષ્ટાગાન કરવું.
- શયન - સૂતાં સૂતાં સાંખ્યવિચાર કરી શકાય – 'જગત નાશવંત છે. સંગાં-સંબંધી નાશવંત છે. આ દેહ નાશવંત છે.' વગેરે...
- દિવસ દરમ્યાન કોઈ પણ સમયે નિયમનું વાંચન કરી શકાય – એક વચનામૃત, પાંચ સ્વામીની વાતો, સ્વામિનારાયણ પ્રકાશ, પત્રિકા, જીવનચરિત્ર આદિક વાંચન.
- અઠવાડિક સભા - રવિસભા - હરિમંદિર કે શિખરબદ્ધ મંદિરમાં સેવા - કાર્યકરને સત્સંગ સંબધી કાર્ય.
- રાજીપાનો વિચાર, આત્મા-પરમાત્માનો વિચાર વગેરે દિવસ દરમ્યાન કોઈ પણ સમયે કરી શકાય. તેનો કોઈ સમય નિશ્ચિત નથી, પરંતુ આ તો અમુક સમયે, અમુક વિચાર કરી શકાય એ હેતુથી ઉલ્લેખ કર્યો છે.
- આ રીતે દિવસ દરમ્યાન જ્યાં, જ્યારે અને જેટલો સમય મળે તેનો વધુમાં વધુ સદુપયોગ કરી લેવો જોઈએ. સમયપત્રકનું વ્યવસ્થિત આયોજન કરીને જો પ્રાર્થનાપૂર્વક પ્રયત્ન કરવામાં આવે, તો આ બધું ખૂબ સરળતા અને સહજતાથી થઈ શકે તેમ છે.
- આ રીતે નિત્ય સાધના કરી પરબ્રહ્મ સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ સત્પુરુષ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને યથાર્થ રાજી કરી શકીએ એ જ પ્રાર્થના.




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019 200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण
BAPS

Vachanamrutma
Nitya Sadhana
1 5 9 2 5
B G 3 7 1
ISBN 978-81-7526-958-3